
સંતવાણી ગ્રંથાવલિ ૧૮

# શ્રીમદ્ રાજચંદ્ર



# શ્રીમદ્ રાજચંદ્ર

## (Shrimad Rajachandra)

સંકલન

શ્રીમતી તરુબહેન આચાર્ય

(વલસાડ)

નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.


**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે,
આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**દશ રૂપિયા**



© ગુજરાત દિવ્ય જીવન સંઘ



ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગુજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# શ્રીમદ્ રાજચંદ્ર

# શ્રીમદ્ રાજચન્દ્ર

## શ્રીમદ્‌ની પ્રણિપાત સ્તુતિ

હે પરમ કૃપાળુ દેવ ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુ:ખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ માર્ગ આપ શ્રીમદે અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિ ઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું; વળી આપ શ્રીમદ્ કંઈ પણ લેવાને સર્વથા નિ:સ્પૃહ છો; જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિન્દમાં નમસ્કાર કરું છું. આપની પરમ ભક્તિ અને વીતરાગ પુરુષના મૂળ ધર્મની ઉપાસના મારા હૃદયને વિશે ભવપર્યંત અખંડ જાગ્રત રહો એટલું માગું છું તે સફળ થાઓ. ॐ શાન્તિ:।

## ૧. જીવન ઝરમર

હિન્દુસ્તાનની આઝાદીના અહિંસક લડવૈયા અને ગુજરાતની પ્રજાને જાગ્રત કરનાર પૂજ્ય મહાત્મા ગાંધીજીના જન્મ પહેલાં બેએક વર્ષે ઉત્તર સૌરાષ્ટ્રના વવાણિયા બંદર નામના એક શાંત રમણીય ગામના વણિક કુટુંબમાં સંવત ૧૯૨૪ના કાર્તિક સુદ ૧૫, તા. ૧૨મી નવેમ્બર, ૧૮૬૭ને રવિવારે શ્રીમદ્ રાજચન્દ્રનો જન્મ થયો હતો. તેમના પિતાનું નામ મહેતા રવજીભાઈ પંચાણભાઈ હતું અને તેમનાં માતાનું નામ દેવબાઈ હતું. કળિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યની જન્મતિથિને દિવસે, કાર્તિકી પૂર્ણિમાએ, આ મહાત્માએ પણ જન્મ લીધો હતો. યોગી જેવા

આ તેજસ્વી પુત્રનું નામ રાખ્યું રાયચંદભાઈ.

શ્રીમદ્‌ના પિતામહ શ્રીકૃષ્ણના ભક્ત હતા. શ્રીમદ્‌નાં માતુશ્રી દેવબાઈ જૈન ધર્મના સંસ્કારો લાવ્યાં હતાં. વવાણિયાનાં બીજાં વણિક કુટુંબો પણ જૈન ધર્મને અનુસરતાં હતાં. તે સર્વ સંસ્કારોનું મિશ્રણ કોઈ અજબ રીતે ગંગાયમુનાના સંગમની પેઠે આ તેજસ્વી પુત્રના હૃદયમાં રેલાતું હતું.

પુત્રનાં લક્ષણ પારણામાંથી એ અનુસાર શ્રીમદ્ રાજચન્દ્રના બાળપણના અદ્‌ભુત પ્રસંગો નવાઈ ઊપજાવે એવા હતા. બાળપણથી જ એમનું વ્યક્તિત્વ અનોખું હતું. નાની વયથી જ અત્યંત બુદ્ધિશાળી હતા. સ્મરણશક્તિ અસાધારણ હતી. વિદ્યા જન્મથી જ એમને વરી હોય તેવી એમની પ્રતિભા હતી.

તેજસ્વી બુદ્ધિશક્તિનો પ્રભાવ પાંચ વરસની કુમળી વયથી જ જણાવા લાગ્યો. સાત વર્ષ સુધી એકાંતમાં બાળવય-સહજ રમતગમતમાં મસ્ત રહેતા હતા. પણ ત્યારેય વિચિત્ર કલ્પના, હેતુ સમજ્યા વગર, એમના આત્મામાં ઊભરાયા કરતી હતી. રમતગમતમાં બાળસહજ વિજય મેળવવાની અને રાજેશ્વર જેવી ઊંચી પદવી મેળવવાની એમને પરમ જિજ્ઞાસા હતી. સારાં અને સ્વચ્છ વસ્ત્રો પહેરવાની, સારું ખાવાપીવાની ઇચ્છા રહેતી હતી. શાળાનું શિક્ષણ બધું જ માની પણ ન શકાય તેમ બે જ વરસની અંદર પૂરું કર્યું. શિક્ષક ભણાવે ત્યારે એકદમ એમને યાદ રહી જતું. જે માણસે એમને પ્રથમ પુસ્તકનો બોધ દેવો શરૂ કર્યો હતો તેમને જ તેમણે પાછો એ જ ચોપડીનો બોધ કર્યો હતો. આઠમા વર્ષે એમણે કવિતા કરી હતી. તેમના સ્વભાવમાં વાત્સલ્યતા, પ્રીતિ અને સરળતા ખૂબ જ હતી. સર્વમાં

ભ્રાતૃભાવ હોય તો જ સુખ મળે એવી ભાવના એમનામાં જન્મગત હતી. સરળતા અને બુદ્ધિ-પ્રતિભાને લઈને પહેલે જ વર્ષે એમણે કવિતાની ૫૦૦૦ કડીઓ રચેલી. અગિયાર વર્ષની વયે 'બુદ્ધિપ્રકાશ' નામના જાણીતા માસિકમાં લેખો લખતા. ત્યારથી જ તેઓ કવિ તરીકે જાણીતા થયા. નવું નવું સાંભળવાની, શીખવાની ઈચ્છા ખૂબ હતી. નિતનવું મનન કરવાની વૃત્તિ તથા સુંદર ભાષણ આપવાની ઈચ્છા એમને હંમેશ રહેતી.

એમના પિતા કૃષ્ણભક્ત હતા. તેમની પાસેથી એમણે નાની વયમાં જ કૃષ્ણકીર્તનનાં પદો સાંભળ્યાં હતાં, તેમ જ જુદા જુદા અવતારો સંબંધી ચમત્કારો સાંભળ્યા હતા. આથી એમને કૃષ્ણભક્તિ સાથે સાથે આવા અવતારોમાં પણ પ્રીતિ થઈ હતી. એક વખત ગામમાં રામદાસજી નામના સાધુ આવ્યા. એમની પાસે જઈ એમણે બાલ્યવયમાં જ કંઠી બંધાવી હતી. નિત્ય કૃષ્ણનાં દર્શન કરવા જતા અને કથાઓ સાંભળતા. અવતારોની કથાથી એમને ઘણો મોહ થતો અને આવા અવતારોને એ ભગવાન માનતા - પરમાત્મા માનતા. તેથી તેમને પરમાત્માને રહેવાનું સ્થળ જોવાની પરમ જિજ્ઞાસા હતી. સંપ્રદાયના મહંત બની, સ્થળે સ્થળે હરિકથા કરવાનું એમને બહુ મન થતું હતું. વળી કોઈ જગ્યાએ વૈભવ જુએ તો એમને સમર્થ વૈભવી થવાની ઈચ્છા થતી. એમણે એક વખત 'પ્રવીણ-સાગર' નામનો ગ્રંથ વાંચ્યો. એમને બહુ સમજાયો તો નહીં પણ જુદી જુદી કથા સાંભળતાં સાંભળતાં સ્ત્રી સંબંધી સુખ પ્રાપ્ત કરવાની તૃષ્ણા થઈ હતી. ગુજરાતી ભાષાની વાચનમાળામાં જગતકર્તા સંબંધી બોધ

વાંચીને તેમને મનમાં દૃઢ વિશ્વાસ થઈ ગયો હતો કે બનાવ્યા વગર કોઈ પદાર્થ બને જ નહીં. એમને લાગતું કે જૈન લોકો મૂર્ખ છે. એમના મિત્રો એમની વૈષ્ણવની કંઠી માટે ઘણી વખત હાસ્યપૂર્વક ટીકા કરતા. તેઓ મિત્રોને સમજાવવા પ્રયત્ન કરતા. સમય જતાં એમણે જૈન પ્રતિક્રમણ, સૂત્ર વગેરે પુસ્તકો વાંચ્યાં. તેમાં સર્વ જગત અને જીવથી વિનયપૂર્વકની મિત્રતા હોવી જોઈએ એમ વાંચ્યું અને એમાં પણ પ્રીતિ થઈ. અને પેલામાં પણ રહી. જૈન ધર્મ પણ ગમ્યો અને વૈષ્ણવ તો ગમતો જ હતો. સ્વચ્છ રહેવાના અને બીજા અનેક આચારવિચાર વૈષ્ણવ ધર્મના એમને ગમતા હતા. આ દરમ્યાન વૈષ્ણવની કંઠી જે એમણે બંધાવી હતી એ કંઠી તૂટી ગઈ. ફરીથી એમણે બાંધી નહીં. બાંધવા ન બાંધવાનું કોઈ કારણ નહોતું.

તેર વર્ષની વય પછી શ્રીમદ્ રાજચન્દ્ર એમના પિતા સાથે દુકાને બેસવા લાગ્યા. એમના અક્ષર બહુ જ સુંદર અને છટાદાર હતા. કચ્છ દરબારના ઉતારે એમને ચોપડા લખવા બોલાવવામાં આવતા.

બુદ્ધ ભગવાનને જીવનનાં જુદાં જુદાં દશ્યોથી વૈરાગ્ય આવી ગયો હતો. શ્રીમદ્ રાજચન્દ્રના જીવનમાં પણ થોડેઘણે અંશે એવું જ બન્યું. એ સાત વર્ષની ઉંમરના હતા ત્યારે વવાણિયામાં અમીચંદ નામના ગૃહસ્થ હતા. તેઓને સર્પ ડસ્યો તેથી તત્કાળ તેઓ ગુજરી ગયા. શ્રીમદે જ્યારે આ વાત સાંભળી ત્યારે એમણે પોતાના પિતાજીને પૂછ્યું, ''આ ગુજરી જવું એટલે શું ?'' એમના પિતાજીને થયું કે આને કહેશું તો એ ભય પામશે એટલે એને ભુલાવવા માટે ઘણો પ્રયત્ન કર્યો પણ એમને તો ''ગુજરી

જવું એટલે શું'' એ જાણવાની તીવ્ર ઇચ્છા હતી એટલે ફરી ફરી પૂછ્યા જ કર્યું. એટલે પિતાજીએ કહ્યું, ''ગુજરી જવું એટલે શરીરમાંથી જીવ નીકળી જવો. હવે અમીચંદકાકા હાલીચાલી કે બોલી શકશે નહીં. ખાવુંપીવું કશું કરી શકશે નહીં. માટે તેને તળાવ પાસેના મસાણમાં બાળી આવશે.'' પછી તો તેઓ તળાવે ગયા. ત્યાં બાવળ ઉપર ચડી બળતી ચિતાને જોઈ. ત્યાં જ તેઓ વિચારમાં ડૂબી ગયા. સાત વર્ષની કુમળી વયે પૂર્વજન્મના સંસ્કાર જાગ્યા. જાતિસ્મરણ જ્ઞાન ઉદ્દ્ભવ્યું. મનનાં મંથન અને વલોવાટથી મહાન ગ્રંથો લખાયા. વૈરાગ્ય વધવા લાગ્યો. 'અપૂર્વ અવસર' આવ્યો એમ સં. ૧૯૫૩માં લખેલા નીચેના કાવ્યમાં પોતે જણાવે છે:

''ધન્ય રે દિવસ આ અહો, જાગી રે શાન્તિ અપૂર્વ રે,
દશ વર્ષે રે ધારા ઊલસી, મટ્યો ઉદય કર્મનો ગર્વ રે... ધન્ય

ઓગણીસસેં ને એકત્રીસે આવ્યો અપૂર્વ અનુસાર રે
ઓગણીસસેં ને બેતાલીસે, અદ્દ્ભુત વૈરાગ્ય ધાર રે... ધન્ય

સં. ૧૯૪૯માં એક પત્રમાં પોતે જણાવે છે કે, ''પુનર્જન્મ છે - જરૂર છે. એ માટે હું અનુભવથી હા કહેવામાં અચળ છઉં.''

નાની વયમાં વૈરાગ્ય થવાનું કારણ અને વિવેકની પ્રાપ્તિથી જે તત્ત્વબોધ થયો તેનું મુખ્ય કારણ શ્રીમદ્દ જાતિસ્મરણ જ્ઞાનને ગણાવે છે. હાલની ઉંમર તો ભલે ને દશ વર્ષની હોય પણ પાછળના ભવના જ્ઞાનને લઈને આ તત્ત્વબોધ થાય છે એમ તેઓ કહેતા.

ગુજરાતીનો પૂરેપૂરો અભ્યાસ બે વર્ષમાં પૂરો કરીને શ્રીમદ્ રાજચન્દ્ર અંગ્રેજી ભાષાનો અભ્યાસ કરવા તેર વર્ષની વયે રાજકોટ ગયા હતા. ત્યાંથી કચ્છ તરફ પધારવાનું આમંત્રણ મળવાથી કચ્છ ગયા હતા અને ધર્મ સંબંધી સારું ભાષણ કર્યું હતું. તેર વર્ષની વયથી જ દુકાનમાં બેસતા હતા પણ સાથે સાથે ખાનગીમાં નવા નવા વિષયોનો અભ્યાસ કરવા માંડ્યો હતો. પંદર વર્ષની વય સુધીમાં એમણે ઘણા વિષયો સંબંધી વિચક્ષણ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

શ્રીમદ્ રાજકોટ મોસાળમાં પહોંચ્યા ત્યારે તેમના મામાએ પૂછ્યું: ''તમે કોની સાથે આવ્યા ?''

શ્રીમદે કહ્યું: ''ધારસીભાઈ સાથે આવ્યો છું.''

બન્ને મામાએ જાણ્યું કે ધારસીભાઈ અત્રે આવ્યા છે; તો તેમને ઠેકાણે કરી દેવાની એવી પ્રપંચની વાતો કરવા માંડ્યા. જમતાં જમતાં શ્રીમદે આ સાંભળ્યું અને અનુમાન કર્યું કે, ''આ ભાઈઓ ધારસીભાઈને મારી નાખવાનો વિચાર કરે છે; તો મારે તેમને ત્યાં જઈ આ મોટો ઉપકાર કરવાનો પ્રસંગ ચૂકવો નહીં.'' જમ્યા પછી તેઓ ધારસીભાઈને ઘેર ગયા.

શ્રીમદે ધારસીભાઈને પૂછ્યું, ''ધારસીભાઈ, તમારે મારા મામાઓ સાથે કંઈ સંબંધ છે ?''

ધારસીભાઈએ પૂછ્યું: ''કેમ?''

શ્રીમદે કહ્યું: ''હું પૂછું છું.''

ત્યારે ધારસીભાઈએ કહ્યું: ''સગપણ સંબંધ નથી, પણ રાજસંબંધી ખટપટ ચાલે છે.''

શ્રીમદે કહ્યું: ''તેમ છે, તો તમારે સાવચેતીમાં રહેવું; કેમ કે

તમારે માટે તેઓ ઉપાય શોધતા હતા. લાગ ફાવે તો ઠેકાણે કરી દેવાની વાત કરતા હતા માટે તે વિશે પ્રમાદી ન થવું.''

ધારસીભાઈએ શ્રીમદ્‌ને પૂછ્યું કે, ''તમે આ કેમ જાણ્યું ?'' શ્રીમદે બધી વાત કરી.

ધારસીભાઈએ કહ્યું: ''પણ તમારા દેખતાં તેવી વાત તેઓ કેમ કરે ?'' શ્રીમદે કહ્યું: ''આ નાનો બાળ છે, આને એ બાબતની શી સમજણ પડવાની છે ? એમ જાણી તેઓ વાત કરતા હતા. એટલે હું તો તમને ચેતવવા માટે આવ્યો છું.''

ધારસીભાઈના મનમાં થયું કે અહો ! આ બાળકમાં કેટલી ઉપકારબુદ્ધિ ? મોટા માણસને પણ ન સૂઝે તેવો મહાઉપકાર આ બાળક કરે છે ! સારું થયું કે હું તેમને તેડી લાવ્યો. ધન્ય છે આ બાળ મહાત્માને ! ધન્ય મારાં ભાગ્ય કે એમનો સંગ થયો ! આમ વિચારી તેઓ ઘણો આનંદ પામ્યા.

શ્રીમદ્‌માં અદ્‌ભુત શક્તિઓ હતી. જ્ઞાન નિર્મળ હતું. તેથી તેમને જ્ઞાનમાં જણાયું કે બે કચ્છના ભાઈઓ સાંઢણી ઉપર સવાર થઈ લાંબી મુસાફરી કરતા આવે છે. તેમણે ધારસીભાઈને પૂછ્યું: ''બે જણ કચ્છથી આવનાર છે તેમનો ઉતારો તમારે ત્યાં રાખશો ?''

ધારસીભાઈએ કહ્યું: ''હા, ખુશીથી મારે ત્યાં તેમનો ઉતારો રાખજો.'' પછી નિશ્ચિત થઈ શ્રીમદ્ તે કચ્છના ભાઈઓના આવવાના માર્ગ તરફ સામા ગયા. દૂરથી હેમરાજભાઈએ અટકળ કરી કે સામે આવે છે તે રાયચંદ નામનો છોકરો તો નહીં હોય?

નજીક આવ્યા એટલે શ્રીમદે તેમને નામ દઈને બોલાવ્યા:

''કેમ હેમરાજભાઈ ? કેમ માલસીભાઈ ?''

આમ સાવ અજાણ્યા માણસને એમણે નામથી બોલાવ્યા. બન્નેને આશ્ચર્ય થયું. ''તમે જ રાયચંદભાઈ છો કે ?'' બન્નેએ પૂછ્યું.

''તમે કેમ જાણ્યું કે અમે અત્યારે જ આ જ માર્ગે આવીએ છીએ ?'' તેના ઉત્તરમાં શ્રીમદે જણાવ્યું: ''આત્માની અનંત શક્તિઓ છે, તે વડે અમે જાણીએ છીએ.''

એ બન્ને કચ્છના ભાઈઓ શ્રીમદ્‌ને કાશીએ વધારે અભ્યાસ માટે લઈ જવા માટે આવ્યા હતા. પણ પછી એમને મનમાં થઈ ગયું કે આ તો ભણેલા જ છે, કાશી જઈને તેમને કંઈ વિશેષ શીખવું પડે એમ નથી.

ધારસીભાઈએ તો શ્રીમદ્‌ના સમાગમ પછી તેમને સદ્‌ગુરુ તરીકે માની તેમનું શરણ સ્વીકાર્યું હતું.

શ્રીમદ્‌ને પાછો વવાણિયા જવા વિચાર થયો ત્યારે તેમને માટે મોસાળમાંથી મીઠાઈનો એક ડબ્બો ભાથા માટે ભરી આપ્યો હતો તે લઈને તથા બધાની રજા લઈને ચાલ્યા. ધારસીભાઈને પણ મળ્યા. એમની પણ રજા લઈને ચાલ્યા. પોતાની પાસે ટિકિટભાડાના પૈસા નહોતા તેથી એક કંદોઈને ત્યાં મીઠાઈનું ભાથું વેચીને ભાડા જેટલા પૈસા મેળવ્યા. પણ ધારસીભાઈ સાથે આટલું બધું ઓળખાણ થયું હતું તોપણ માગણી ન કરી. ''પુત્રનાં લક્ષણ પારણાંમાંથી જણાય'' એવી કહેવત છે તે પ્રમાણે તેમનામાં આટલી નાની ઉંમરે, આટલી નિઃસ્પૃહતા ઊગી નીકળી હતી. સમજુ ગૃહસ્થની જેમ તેમનો સિદ્ધાંત હતો કે,

મર જાઉં માગું નહીં, અપને તનકે કાજ,
પરમારથકે કારણે માગું, ન સમજું લાજ.

સં. ૧૯૪૦માં બહાર પડેલ 'સ્ત્રીનીતિ બોધક વિભાગ ૧લો' શ્રીમદ્‌નાં સોળ વર્ષ પહેલાં લખેલાં લખાણોમાંનું પ્રથમ પુસ્તક છે. તેના મુખપૃષ્ઠ ઉપર ભુજંગી છંદની એક કડી છે:

''થવા દેશ આબાદ સૌ હોંશ ધારો,
ભણાવી ગણાવી વનિતા સુધારો;
થતી આર્યભૂમિ વિશે જેહ હાનિ,
કરો દૂર તેને તમે હિત માની.''

સ્ત્રીકેળવણીની આમાં હિમાયત કરી છે. આની પ્રસ્તાવનામાં શ્રીમદ્ લખે છે કે સ્ત્રીકેળવણી વધતી જાય તેની સાથે વાંચવાનો શોખ વધે તેને માટે સ્ત્રીઓને યોગ્ય સારાં પુસ્તકો લખવા વિદ્વાનોને વિનંતી કરી. જૂના વિચારના લોકોના સ્ત્રીકેળવણી સામે મુકાતા આક્ષેપો દૂર કર્યા છે. તે વખતે છપાયેલાં સ્ત્રીઓને વાંચવા યોગ્ય પુસ્તકોનાં નામ આપ્યાં છે. સ્ત્રીઓ નહીં સુધરવાનું કારણ બાળલગ્ન, કજોડાં અને વહેમ કે અજ્ઞાન છે એમ કહી આ વિશે વિચારવા વિનંતી કરી છે.

બાર વર્ષની વયે જૈન ધર્મનું આકર્ષણ વધવા લાગ્યું. તેરચૌદ વર્ષની ઉંમરે સંસ્કૃત-પ્રાકૃતમાં લખાયેલા મહાન ગ્રંથોનું વાંચન કર્યું; એટલું જ નહીં પણ તે ગ્રંથોને ઘૂંટી, સાદી ભાષામાં સૌને સુલભ કરી આપ્યા.

તેઓ આત્માની અનંત શક્તિ વિશે ખૂબ જ માનતા હતા. તેઓ ઘણી વાર કહેતા કે શાસ્ત્રોમાં વારે વારે કહેવામાં આવ્યું છે કે આત્મા ઉપર અજ્ઞાન અને કર્મોનાં પડળ ફરી વળ્યાં છે, તેથી આત્મા પોતાની અનેક શક્તિઓ અને શુદ્ધ સ્વરૂપ ગુમાવી બેઠો છે. જેમ જેમ મનુષ્ય પોતાની એ મલિનતા દૂર કરતો જાય છે

તેમ તેમ તેની એ શક્તિઓ પ્રગટ થતી જાય છે.

દિવસે દિવસે એમની આત્મશક્તિ વિસ્તરતી જ જતી હતી. સોળ વર્ષની વયે ત્રણ દિવસના ટૂંકા સમયમાં જ એમણે 'મોક્ષમાળા' નામે તત્ત્વજ્ઞાનથી ભરપૂર એવા અદ્‌ભુત સાહિત્યગ્રંથની રચના કરી. ૬૭મા પાઠ ઉપર શાહી ઢોળાઈ જતાં તે પાઠ ફરી લખવો પડ્યો હતો. અને તે ઠેકાણે 'બહુ પુણ્ય કેરા પુંજથી'નું અમૂલ્ય તાત્ત્વિક વિચારનું કાવ્ય મૂક્યું હતું. વિદ્વાનો ને પંડિતો પણ 'મોક્ષમાળા' વાંચી આભા બની ગયા. કેળવણી અલ્પ છતાં શાસ્ત્રોમાં પારંગત નીવડ્યા. તેઓશ્રી જ્ઞાનના ઉપાસક અને નિર્મળ ચારિત્ર્યવાન વ્યક્તિ હતા. તેમના જીવનમાં બહુવિધ પ્રતિભાનું દર્શન થાય છે.

'મોક્ષમાળા' પહેલાં એટલે કે સોળ વર્ષ પહેલાં પ્રથમ પ્રસિદ્ધ થયેલી 'પુષ્પમાળા' છે.

'સ્ત્રીનીતિ બોધક' પણ આ કાળમાં જ લખાયું છે. આ પુસ્તકમાં અનીતિ દૂર થાય અને નીતિ-સદાચાર પ્રત્યે પ્રેમ થાય તે પ્રકારે સત્ય, શીલ, ઉદ્યમ આદિ વિષયોનો વિસ્તાર મર્યાદિત પ્રમાણમાં કર્યો છે અને આ 'પુષ્પમાળા'માં સૂત્રાત્મક વાક્યોની શૈલીથી ઘણો અર્થ ટૂંકા વાક્યમાં સમાય તે પ્રકારે ૧૦૮ બોલ લખ્યા છે. તે વાક્યો વાંચનારની બાહ્ય વૃત્તિ રોકી પોતાને આજે કે હવે પછી શું કરવું ઘટે તે વિચારમાં પ્રેરે તેવાં છે, અને નીતિ, વ્યવહારની સાથે ધર્મ પ્રત્યે વૃત્તિ વાળે તેવાં છે, છેલ્લા ૧૦૮મા બોલમાં શ્રીમદે પોતે જ જણાવ્યું છેઃ ''લાંબી, ટૂંકી કે ક્રમાનુક્રમ ગમે તે સ્વરૂપે આ મારી કહેલી પવિત્રતાનાં પુષ્પોથી છવાયેલી માળા પ્રભાતના વખતમાં, સાયંકાળે અન્ય અનુકૂળ નિવૃત્તિએ

વિચારવાથી મંગળદાયક થશે.''

કોઈને એમ પ્રશ્ન થાય કે નીતિનાં પુસ્તકો લખવાની આ મહાપુરુષને શી જરૂર હતી? આત્મ-અનુભવ કે ધર્મના મૂળ મુદ્દા વિસ્તારથી સમજાવવાની શરૂઆત કેમ ન કરી? તેનું સમાધાન તેમના જ શબ્દોમાં નીચે લખ્યું છે:

''જે મુમુક્ષુ જીવ ગૃહસ્થ વ્યવહારમાં વર્તતા હોય, તેણે તો અખંડ નીતિનું મૂળ પ્રથમ આત્મામાં સ્થાપવું જોઈએ; નહીં તો ઉપદેશાદિનું નિષ્ફળપણું થાય છે. દ્રવ્યાદિ ઉત્પન્ન કરવામાં સાંગોપાંગ ન્યાયસંપન્ન રહેવું તેનું નામ નીતિ છે. એ નીતિ મૂકતાં પ્રાણ જાય એવી દશા આવ્યે ત્યાગ, વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે. અને તે જ જીવને સત્પુરુષનાં વચનનું તથા આજ્ઞાધર્મનું અદ્ભુત સામર્થ્ય, માહાત્મ્ય અને રહસ્ય સમજાય છે ને સર્વ વૃત્તિઓ નિજપણે વર્તવાનો માર્ગ સ્પષ્ટ સિદ્ધ થાય છે.''

શ્રીમદ્ 'કૃપાળુ દેવ' તરીકે પણ ઓળખાતા. તેમની વાણી અતિ મૃદુ અને સૌને પ્રિય થઈ પડે એવી હતી - જાણે સાંભળ્યા જ કરીએ એમ સૌને થાય. એમાં - વાણીમાં - એમના આનંદનું પ્રતિબિંબ દેખાતું. વર્ષો જતાં તેમની શક્તિઓનો વિકાસ થતો જ ગયો - વધતો જ ગયો. ઓગણીસ વર્ષની વયે શતાવધાનના પ્રયોગો કર્યા ને 'સાક્ષાત્ સરસ્વતી'નું બિરુદ મેળવ્યું.

સંવત ૧૯૪૪માં શ્રી રાજચન્દ્રનું જીવન ગૃહસ્થાશ્રમ ભણી વળે છે. સદ્ગત ઝવેરી રેવાશંકરભાઈ જગજીવનદાસ મહેતાના મોટા ભાઈ પોપટલાલભાઈનાં મહાભાગ્યશાળી પુત્રી ઝબકબાઈ સાથે

શ્રીમદ્‌નાં શુભ લગ્ન સં. ૧૯૪૪ મહા સુદ ૧૨ને રોજ થયાં હતાં.

તેમના જેવા મૂળથી વિચારવાન પુરુષે, પુખ્ત વયે પહોંચી લગ્નની જવાબદારી સ્વીકારી એ કઈ મનોદશામાં, એ એમની જીવનસાધનાની દૃષ્ટિએ જાણવા મળે, તો સૌ જીવોને એ હકીકત ખૂબ ઉપયોગી થઈ પડે. પણ એ બાબત વિશે તેમણે જે થોડુંઘણું લખ્યું છે એ ઉપરથી પૂરેપૂરું તારણ કાઢવું શક્ય નથી. લગ્ન પહેલાંના વર્ષમાં તેમણે લખ્યું છે: ''કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે. ગમે તેટલી તેની સુધારણા કરશો તોપણ એકાંતથી જેટલો સંસારક્ષય થવાનો છે તેનો સોમો હિસ્સો પણ તે કાજળગૃહમાં રહેવાથી થવાનો નથી. કષાયનું (મલિન વૃત્તિઓનું) તે નિમિત્ત છે, મોહને રહેવાનો અનાદિકાળનો પર્વત છે.'' અને સં. ૧૯૪૪માં તેઓ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશે છે.

આમ તો શ્રીમદ્ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ્યા પરંતુ સાથે સાથે તેઓ તીવ્ર આત્મમંથનમાંથી પણ પસાર થતા હતા. ત્યાગ, વૈરાગ્ય તથા તત્ત્વજિજ્ઞાસા તેમનામાં એટલા જ જોરથી જાગ્રત થતાં જતાં હતાં. તેમની વેદના પોતાની જીવનિકામાં દર્શાવતાં તેમણે લખ્યું છે:

''ત્યાં આવ્યો રે ઉદય કારમો, પરિગ્રહ કાર્ય પ્રપંચ રે;
જેમ જેમ તે હડસેલીએ, તેમ વધે ને ઘટે એકચર રે !''

આ સ્થિતિમાં તેમનું આત્મમંથન પરાકાષ્ઠાએ પહોંચે છે. આમ તો ઉદય કર્મ ભગવાન મહાવીરને પણ ભોગવવાં પડ્યાં તેમ સર્વને વેદવાં જ પડે છે. અજ્ઞાનીઓ મોહભાવે, બંધભાવે વેદે છે, ત્યાં જ્ઞાનીઓ નિર્જરાભાવે વેદે છે.

એ કાળના તેમના પત્રો વાંચવાથી એમના મનની સ્થિતિનો આપણને ખ્યાલ આવે છે. બાવીસમા વર્ષ સુધીની એમની આંતરદશાનું એમાં નિરૂપણ તેમને 'मो सम कौन कुटिल खल कामी''નું સ્મરણ કરાવે એટલી તીવ્ર નિર્દય આત્મપરીક્ષા કરતાં કરતાં કર્યું છે.

લગ્ન થયા પછી તો એમની કસોટીની પરંપરાની શરૂઆત થઈ વૈરાગ્યદશા ગૃહસ્થી ધર્મમાં પણ તીવ્ર થતી ગઈ. દિવસે દિવસે અંતરનું જ્ઞાન વધતું ગયું. ઘરવહેવાર માથે હોવા છતાં વૈરાગ્યમાંથી ડગ્યા નહીં. એવો હતો એમનો દૃઢ વૈરાગ્ય. બધાં કામ અનાસક્તિથી કર્યા કરતા હતા. આ વર્ષો દરમ્યાન જ તેમને વેપારની તથા અન્ય બાહ્ય ઉપાધિઓ પણ વધતી જતી હતી. તોયે પોતે અંતરમાં પ્રાપ્ત કરેલી સ્વસ્થતાથી એ બધી ઉપાધિઓને તેઓ સમતાથી વેદતા હતા. તેમણે સં. ૧૯૪૬માં મુંબઈમાં શ્રી રેવાશંકર જગજીવનદાસ સાથે ભાગીદારીમાં વેપારમાં પ્રવેશ કર્યો હતો. શરૂઆતમાં કાપડ, કરિયાણું, અનાજ વગેરે મોકલવાની આડત તરીકે કામકાજ હતું. પાછળથી મોતીનો બહોળા પ્રમાણમાં વેપાર સુરતના ઝવેરી નગીનચંદ ઝવેરચંદ અને બીજાઓ સાથે કર્યો હતો. તેમણે રંગૂનમાં પણ શ્રી પ્રાણજીવનદાસ જગજીવનદાસ અને વડોદરાના શ્રી માણેકલાલ ઘેલાભાઈ સાથે ભાગમાં ઝવેરાતની પેઢી ખોલી હતી. એમણે એક જગ્યાએ કહ્યું છે કે, ''હું છાતી ઠોકીને કહી શકું છું કે મેં કદી કોઈને ધંધામાં છેતર્યા નથી.''

આચાર્ય હેમચંદ્રાચાર્ય અને શ્રીમદ્જીના જીવનમાં ઘણું સામ્ય હતું. બન્નેનો જન્મ કાર્તિકી પૂર્ણિમાએ થયો હતો. આઠ વર્ષની

વયે હેમચંદ્રાચાર્યે દીક્ષા લીધી ત્યારે શ્રીમદ્‌ને એ ઉંમરે જાતિસ્મરણ જ્ઞાન ઉદ્‌ભવ્યું. હેમચંદ્રાચાર્યે કુમારપાળ મહારાજાને પ્રતિબોધ કર્યા જ્યારે શ્રીમદે ગાંધીજીને હિંદુ ધર્મમાં સ્થિર કર્યા.

શ્રીમદ્ રાજચન્દ્ર ઈડર વગેરે સ્થળોએ એકાંતમાં - વનોમાં કે પહાડોમાં ઘણો વખત આત્મચિંતનાર્થે રહેતા. તેઓ રખેને પોતે ઓળખાઈ જાય, અથવા પોતાના સ્થળની ખબર પડી જાય, તેવી ધાસ્તીથી ઘણા ગુપ્ત રહેવાનો હંમેશાં પ્રયાસ કરતા. છતાં તેઓ વારંવાર ઓળખાઈ જતા અને લોકોની મોટી સંખ્યા તેમના ઉપદેશ અને શિક્ષાવચનો શ્રવણ કરવાની જિજ્ઞાસાથી તેમની પાછળ પડતી.

શ્રી રાજચન્દ્રમાં સાચી જિજ્ઞાસા ઉદય પામતાં જ તેમના તરફ શ્રી લલ્લુજી મહારાજ ઇત્યાદિ સાધુપુરુષો તથા અંબાલાલભાઈ, સૌભાગ્યભાઈ, જૂઠાભાઈ ઇત્યાદિ ગૃહસ્થો વગેરે બધા વર્ગના મનુષ્યો ખેંચાવા લાગ્યા. મહાત્મા ગાંધીજી પણ બૅરિસ્ટર થઈને વિલાયતથી હિંદમાં આવ્યા ત્યારે તેમના પરિચયમાં આવ્યા હતા. ગાંધીજીએ શ્રીમદ્ વિશે પોતાની આત્મકથામાં તેમ જ અન્યત્ર ઉલ્લેખો કર્યા છે. એમણે લખ્યું છે: ''હિંદુ ધર્મમાં મને શંકા થઈ તે સમયે તેના નિવારણમાં મદદ કરનાર રાયચંદભાઈ હતા.'' તેમણે આત્મકથામાં લખ્યું છે: ''મારા જીવન ઉપર ઊંડી છાપ પાડનાર આધુનિક મનુષ્યો ત્રણ છે: રાયચંદભાઈએ તેમના જીવંત સંસર્ગથી, ટૉલ્સ્ટૉયે તેમના 'વૈકુંઠ તારા હૃદયમાં છે' નામના પુસ્તકથી, ને રસ્કિને 'અન્ટુ ધિસ લાસ્ટ' - 'સર્વોદય' નામના પુસ્તકથી મને ચકિત કર્યો.'' વળી એમણે લખ્યું છે કે, ''મેં ઘણાનાં જીવનમાંથી ઘણું લીધું છે. પણ

સૌથી વધારે કોઈના જીવનમાંથી ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રીના (એટલે રાજચન્દ્રના) જીવનમાંથી છે. દયાધર્મ પણ હું તેમના જીવનમાંથી શીખ્યો છું. તેમના જીવનમાંથી ઘણી ચીજો શીખી શકીએ: (૧) શાશ્વત વસ્તુમાં તન્મયતા; (૨) જીવનની સરળતા, આખા સંસાર સાથે એકસરખી વૃત્તિથી વ્યવહાર; (૩) સત્ય અને (૪) અહિંસામય જીવન.'' 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે' એ એમના કાવ્યમાં ભરપૂર વૈરાગ્ય ગાંધીજીને જણાયો, ને કહ્યું: ''પોતે જે અનુભવ્યું છે તે જ લખ્યું છે. તેમાં ક્યાંયે કૃત્રિમતા નથી. બીજાની ઉપર છાપ પાડવા સારુ એકે લીટી લખી હોય એમ મેં જોયું નથી. આ પુરુષે ધાર્મિક બાબતમાં મારું મન જીતી લીધું છે.''

ધનવૃદ્ધિ માટે સામાન્ય માણસો હંમેશ તત્પર રહે છે ને મહેનત કરતા જ હોય છે. જ્યારે શ્રીમદ્‌જી આધ્યાત્મિક સંપત્તિની વૃદ્ધિ અર્થે કામકાજમાંથી નિવૃત્તિ મેળવી ઈડરના પહાડમાં ને જંગલોમાં ચાલી જતા. અઠ્ઠાવીસ વર્ષની વયે શાસ્ત્રોના તત્ત્વજ્ઞાનનો નિચોડ દર્શાવતું 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર' ફક્ત દોઢ જ કલાકમાં લખ્યું, જે સંસારના લોકોને ભવસાગર તરવા માટે દીવાદાંડી સમાન છે. 'નમિરાજ' પાંચ હજાર શ્લોકોનો ગ્રંથ ત્રણ દિવસમાં રચ્યો. શ્રી આનંદશંકર ધ્રુવ લખે છે: ''એમના ગ્રંથમાંથી તત્ત્વજ્ઞાનનાં જ ઝરણાં વહ્યાં કરે છે.''

પારકાંનું ભલું કરવાની વૃત્તિ બહુ પ્રબળ હતી. આ માટે તેમણે 'પરમશ્રુત પ્રભાવક મંડળ'ની સ્થાપના કરી, જે આજે પણ ચાલુ છે. મોરબીનો વતની લલ્લુ નામનો નોકર ઘણાં વર્ષ તેમને ત્યાં રહ્યો હતો. મુંબઈમાં તેને ગાંઠ નીકળી. શ્રીમદે જાતે તેની

સારવાર કરી અને અંત સુધી તેની સંભાળ લીધી.

સત્તરમે વર્ષે રચેલ 'મોક્ષમાળા'માં તેમણે માનવની વ્યાખ્યા આપી છે:

''માનવપણું સમજે તે જ માનવ કહેવાય.''

સત્સંગ અને સત્પુરુષનું માહાત્મ્ય ગાતાં શ્રીમદ્ કદી થાકતા જ નથી. આત્મસિદ્ધિ શાસ્ત્રના પ્રથમ શ્લોકમાં સદ્‌ગુરુને વંદન કરે છે:

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુ:ખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.

એ તો એટલી હદ સુધી કહે છે કે, ''બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.'' સત્પુરુષમાં કેટલો પ્રેમ અને અટલ વિશ્વાસ ! એમની આજ્ઞા છે કે જ્ઞાની કરતાં જ્ઞાનમાં વધારે પ્રેમ ન રાખવો. અને અહર્નિશ પ્રાર્થે છે કે, ''હે પરમાત્મા, અમને મોક્ષ આપવા કરતાં સત્પુરુષનાં જ ચરણનું ધ્યાન કરીએ અને તેની સમીપ રહીએ એવો યોગ આપ.''

શ્રીમદ્ મુંબઈ વેપારમાં જોડાયા ત્યારથી ભાગીદારો સાથે કેમ પ્રવર્તવું તેનો નિર્ણય તેમણે કરી રાખેલો. તેમની રોજનીશી(સં. ૧૯૪૬)માં છે, તે સર્વ સમાજને આદર્શરૂપ છે. નિવૃત્તિપરાયણ જીવનનો લક્ષ સાચવી રાખી કેવી રીતે વેપારમાં ઝંપલાવેલું અને આદર્શને અખંડિત રાખેલો તે દર્શાવે છે:

૧. ''કોઈના પણ દોષ જો નહીં. તારા પોતાના દોષથી જે કંઈ થાય છે તે, થાય છે એમ માન.''

૨. "તારી (આત્મ) પ્રશંસા કરીશ નહીં. અને કરીશ તો તું જ હલકો છે એમ હું માનું છું."

૩. "જેમ બીજાને પ્રિય લાગે તેવી તારી વર્તણૂક કરવાનો પ્રયત્ન કરજે. એકદમ તેમાં તને સિદ્ધિ નહીં મળે, વા વિઘ્ન નડશે. તથાપિ દૃઢ આગ્રહથી હળવે હળવે તે ક્રમ પર તારી નિષ્ઠા લાવી મૂકજે."

૪. "તું વ્યવહારમાં જેનાથી જોડાયો હો તેનાથી અમુક પ્રકારે વર્તવાનો નિર્ણય કરી તેને જણાવ. તેને અનુકૂળ આવે તો તેમ; નહીં તો તે જણાવે એમ પ્રવર્તજે; સાથે જણાવજે કે તમારા કાર્યમાં (જે મને સોંપો એમાં) કોઈ રીતે મારી નિષ્ઠાથી કરીને હાનિ નહીં પહોંચાડું. તમે મારા સંબંધમાં બીજી કંઈ કલ્પના કરશો નહીં. મને વ્યવહાર સંબંધી અન્યથા લાગણી નથી. તેમ હું તમારાથી વર્તવા ઇચ્છતો નથી, એટલું જ નહીં, પણ કંઈ મારું વિપરીતાચરણ મન, વચન, કાયાએ થયું, તો તે માટે પશ્ચાત્તાપી થઈશ, એમ નહીં કરવા આગળથી બહુ સાવચેતી રાખીશ. તમે સોંપેલું કામ કરતાં હું નિરભિમાની રહીશ. મારી ભૂલને માટે મને ઠપકો આપશો તો સહન કરીશ. મારું ચાલશે ત્યાં સુધી સ્વપ્ને પણ તમારો દ્વેષ વા તમારા સંબંધી કોઈ પણ જાતની અન્યથા કલ્પના કરીશ નહીં. તમને કોઈ જાતની શંકા થાય તો મને જણાવશો; તો તમારો ઉપકાર માનીશ, અને તેનો ખરો ખુલાસો કરીશ. ખુલાસો નહીં હોય તો મૌન રહીશ. પરંતુ અસત્ય બોલીશ નહીં. માત્ર તમારી પાસેથી એટલું જ ઇચ્છું છઉં કે કોઈ પણ પ્રકારે તમે મને નિમિત્ત રાખી અશુભ યોગમાં પ્રવૃત્તિ કરશો નહીં. તમારી ઇચ્છાનુસાર તમે વર્તજો. તેમાં મારે કંઈ પણ અધિક કહેવાની જરૂર નથી. માત્ર મને

મારી નિવૃત્તિ શ્રેણીમાં વર્તવા દેતાં, કોઈ રીતે તમારું અંતઃકરણ ટૂંકું કરશો નહીં. અને ટૂંકું કરવા જો તમારી ઇચ્છા હોય તો ખચિત કરીને મને આગળથી જણાવી દેજો. તે શ્રેણીને સાચવવા મારી ઇચ્છા છે અને તે માટે એથી હું યોગ્ય કરી લઈશ. મારું ચાલતાં સુધી તમને દૂભવીશ નહીં અને છેવટે એ જ નિવૃત્તિ શ્રેણી તમને અપ્રિય હશે તોપણ હું જેમ બનશે તેમ જાળવણીથી તમારી સમીપથી, તમને કોઈ પણ જાતની હાનિ કર્યા વગર બનતો લાભ કરીને, હવે પછીના ગમે તે કાળ માટે પણ તેવી ઇચ્છા રાખીને ખસી જઈશ.''

શ્રીયુત્ માણેકલાલ ઘેલાભાઈ શ્રીમદ્ વિશે લખે છે કે, ''અમારી ભાગીદારીનાં કેટલાંક વર્ષ તો સાહસિક વ્યાપારના ખેડાણમાં ગયેલાં; અને તે સમયે તેઓની વ્યાપાર અને વ્યવહારકુશળતા એવી ઉત્તમ હતી કે અમે વિલાયતના કેટલાક વ્યાપારીઓ સાથે કામ પાડતા હતા, તેઓ અમારી કામ લેવાની પદ્ધતિથી દેશીઓની કાબેલિયત માટે પ્રશંસા કરતા હતા. અમારા આ વ્યાપારની કૂંચી રૂપ ખરું કહીએ તો શ્રીમાન રાજચન્દ્ર હતા.''

શ્રીમદ્ રાજચન્દ્ર આવું બહુલક્ષી વ્યક્તિત્વ ધરાવતા હતા. બધી સિદ્ધિઓ એમને વરેલી હતી. પરંતુ એમને આ બધામાં રસ નહોતો. એમનું ધ્યેય તો મોક્ષપ્રાપ્તિનું જ હતું અને એ માટે સતત સાધના કરી ૨૪મે વર્ષે સાક્ષાત્કાર કર્યો. આ વર્ષે જ એમણે એક જગ્યાએ લખ્યું છે:

(૧) ''જેને લાગી છે તેને જ લાગી છે અને તે જ 'પિયુ પિયુ' પોકારે છે. એ બ્રાહ્મી વેદના કહી કેમ જાય! કે જ્યાં વાણીનો પ્રવેશ નથી. વધારે શું કહેવું?''

(૨) ''જ્યારે બધુંય ગમશે ત્યારે નિરંકુશતાની પૂર્ણતા થશે. એ પૂર્ણ કામના પણ કહેવાય છે, જ્યાં હરિ જ સર્વત્ર સ્પષ્ટ ભાસે છે. અત્યારે કંઈક અસ્પષ્ટ ભાસે છે, પણ સ્પષ્ટ છે એવો અનુભવ છે.''

(૩) ''પ્રભુની પરમ કૃપા છે. અમને કોઈથી ભિન્ન ભાવ રહ્યો નથી; કોઈ વિશે દોષબુદ્ધિ આવતી નથી. અમારો દેશ હરિ છે, જાત હરિ છે, કાળ હરિ છે, દેહ હરિ છે, રૂપ હરિ છે, નામ હરિ છે, દિશા હરિ છે, સર્વ હરિ છે, અને તેમ છતાં આમ વહીવટમાં છીએ એ એની ઈચ્છાનું કારણ છે.''

શ્રીમદ્‌ના આશ્રમો ઘણી જગ્યાએ છે. તેમાં ખાસ કરીને અગાસ, વવાણિયા, વડવા મુખ્ય તીર્થધામ છે. વવાણિયાનું 'શ્રીમદ્ રાજચન્દ્ર જન્મભુવન' દૂર દૂરથી આવતા લોકો માટે વર્તમાન યુગમાં પુણ્યતીર્થ બન્યું છે.

શ્રીમદ્ રાજચન્દ્ર જ્ઞાનભંડાર ગૂજરાત વિદ્યાપીઠ નિભાવે છે.

હવે આપણે શ્રીમદ્ રાજચન્દ્રના જીવનની અંતિમ ચર્ચા ભણી વળીએ છીએ. સં. ૧૯૫૫-૫૬માં ચોખાનું કામકાજ તેમણે શરૂ કરેલું. તેના બહોળા વેપારને અંગે તેમને શારીરિક શ્રમ બહુ પડેલો, અને તેથી શરીરપ્રકૃતિ બગડી હતી. તે વખતે શરીરસુધારણા અર્થે તેઓ ધરમપુર, અમદાવાદ, વઢવાણ કેમ્પ અને રાજકોટ રહ્યા હતા. સાથોસાથ તેમની સાધના પણ જોશભેર વૃદ્ધિગત થતી જતી હતી. તેમને લાગ્યું કે ધંધાનો હેતુ પૂર્ણ થયો છે; માટે હવે સંસારનો ત્યાગ કરી બધો સમય લોકકલ્યાણમાં ગાળવો અને એ સારુ તેમણે તૈયારી કરવા માંડી. તે વખતે તેમની આસપાસ બહોળો કુટુંબ-પરિવાર વિસ્તરેલો

હતો. તેમનાં માતાપિતા હયાત હતાં. પત્ની હતાં; બે પુત્રો અને બે પુત્રી હતાં; એક ભાઈ અને ચાર બહેનો હતાં. કુટુંબ પૈસેટકે સુખી હતું. બધે તેમની કીર્તિ પણ ઘણી ફેલાઈ હતી. આવી સુખમય સ્થિતિમાં પણ શ્રીમદ્ વિરક્ત અવસ્થા ભણી જ પ્રયાણ કરતા હતા.

અને સં. ૧૯૫૬માં શ્રીમદ્ સ્ત્રીપુત્રાદિ અને લક્ષ્મીનો ત્યાગ કરી વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે. વળી આ વર્ષ દરમ્યાન સંપૂર્ણ સંન્યાસ લેવા માટે પણ તત્પર થાય છે. પરંતુ દિન-પ્રતિદિન એમનું શરીર લથડતું જતું હતું; એટલે એમનાં માતુશ્રી વચ્ચે પડીને એટલી મહેતલ માગે છે કે, શ્રીમદ્ બીમારીમાંથી સાજા થાય ત્યારે તેમને ખુશીથી રજા આપું.

છપ્પનિયા દુકાળમાં અથાગ પરિશ્રમ કરી કાયાને ઘસી નાખી. શરીર ક્ષીણ થઈ ગયું. વજન માત્ર પંચાવન રતલ. સંગ્રહણીનો રોગ લાગુ પડ્યો. શરીર હાડપિંજર છતાંય ધ્યાનમાં રત રહેતા. બાળકોબાજી એમના વિશે લખે છે: ''આત્મદર્શનની તાલાવેલી જેના મનમાં રહી છે તે માણસનું કેવળ જીવવું એ જ મહાન સેવા છે.'' જિંદગીનાં પાછલાં વર્ષોમાં શ્રીમદ્જીની શારીરિક સ્થિતિ બહુ જ નબળી રહેતી. તેઓ કહેતા હતા: ''શુક્લ અંત:કરણ વિના મારા કથનને કોણ દાદ આપશે ?''

શ્રીમદ્ની તબિયત તો એટલી નાજુક થઈ ગઈ હતી કે એમના માથા ઉપર સૂર્ય-કિરણોનો સ્પર્શ થતાં પણ માથું દુ:ખી આવતું. તે દુ:ખ અસહ્ય થતું ત્યારે અગ્નિમાં પંદર-વીસ મરી નાખી તેનો ધુમાડો લેવો પડતો.

ફરી શ્રીમદ્જી સં. ૧૯૫૭માં અમદાવાદ આગાખાનને બંગલે પોતાનાં માતુશ્રી તથા પત્ની સહિત પધાર્યા ત્યારે મુનિઓ ચોમાસુ પૂરું કરી અમદાવાદ આવ્યા હતા. 'જ્ઞાનાર્ણવ' અને 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' નામે બે મોટા દિગંબરી ગ્રંથો હાથના લખેલા શ્રીમદ્ પાસે હતા. તે શ્રી લલ્લુજી સ્વામી અને શ્રી દેવકરણજીને માતુશ્રી દેવમાતા અને શ્રી ઝબકબાના હાથે વહોરાવ્યા હતા. તે વખતે સાથેના બીજા મુનિઓએ વિહારમાં પુસ્તકો ઊંચકવામાં પ્રમાદવૃત્તિ સેવેલી અને વૃત્તિ સંકોચેલી તે દોષો પોતે જાણી લઈને દૂર કરવાના ઉદ્દેશથી શ્રીમદ્જી બોલ્યા: ''મુનિઓ, આ જીવે સ્ત્રી, પુત્રાદિના ભાર વહ્યા છે, પણ સત્પુરુષોની કે ધર્માત્માની સેવાભક્તિ પ્રમાદરહિત ઉઠાવી નથી.''

તેમણે આખા જીવનમાં પરમાર્થવૃત્તિ પ્રધાનપણે રાખેલી. હવાફેર માટે દરિયાકિનારે મુંબઈમાં માટુંગા, શિવ અને નવસારી તરફ તિથલ વગેરે સ્થળોએ રહેવું થયું હતું. વઢવાણ કૅમ્પમાં લીંબડીના ઉતારામાં થોડો વખત રહેવાનું બન્યું હતું. ત્યાં વઢવાણમાં છેલ્લા પદ્માસન અને કાઉસગ્ગ મુદ્રાના બન્ને ફોટા ભાઈ સુખલાલની માગણીથી પડાવ્યા હતા. પછીથી રાજકોટ રહેવાનું રાખ્યું હતું.

રાજકોટમાં ઘણાખરા મુમુક્ષુઓ આવતા હતા. પણ શરીર ઘણું અશક્ત થઈ ગયેલું હોવાને કારણે દાક્તરોએ શ્રીમદ્‌ને વાતચીત પણ વિશેષ ન કરાવવાની ખાસ તકેદારી રાખી હતી.

પત્રો લખાવવા પડે તો એકબે લીટીના જ તેઓ લખાવતા. રાજકોટમાં લખેલા છેલ્લા પત્રો અહીં આપ્યા છે:

૧. સં. ૧૯૫૭, ફાગણ વદ ૧૩, સોમ. ૐ શરીર સંબંધમાં

બીજી વાર આજે અપ્રાકૃત ક્રમ શરૂ થયો. જ્ઞાનીઓનો સનાતન સન્માર્ગ જયવન્ત વર્તો.

૨. સં. ૧૯૫૭, ચૈત્ર સુદ ૨ શુક્ર. ૐ અનંત શાન્તમૂર્તિ એવા ચંદ્રપ્રભ સ્વામીને નમોનમઃ. વેદનીય તથારૂપ ઉદયમાનપણે વેદવામાં હર્ષશોક શો? ૐ શાન્તિઃ.

શ્રીમદ્‌ના નાના ભાઈ શ્રી મનસુખભાઈ, શ્રી રેવાશંકરભાઈ, ડૉ. પ્રાણજીવનદાસભાઈ, લીંબડીવાળા ભાઈ મનસુખભાઈ વગેરે શ્રીમદ્‌ની સારવારમાં હતા. પરંતુ એ સૌની પ્રેમભરી અને કાળજીભરી સારસંભાળ અને શુશ્રૂષા પણ ગમનોન્મુખ આત્માને રોકી શકી નહીં.

આમ સંવત ૧૯૫૭ના ચૈત્ર વદ પાંચમ ને તા. ૯-૪-૧૯૦૧ ને મંગળવારે બપોરે બે વાગતાં શ્રીમદ્ રાજચન્દ્રજી આ ક્ષેત્ર અને નાશવંત દેહનો ત્યાગ કરીને ઉત્તમ પરમપદ પામ્યા.

નિર્વાણ સમયની તેમની કાન્તિ અનુપમ, શાંત, મનોહર હતી.

ધર્મના મુખ્ય રહસ્યનો ખ્યાલ આપતી એમની જ સુંદર ગાથાથી એમને અંજલિ આપીએ:

रागद्वेष अज्ञान ए, मुख्य कर्मनो ग्रन्थ।
थाय निवृत्ति जेहथी, ते ज मोक्षनो पन्थ॥

અને છેલ્લે આપણો આત્મા પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચન્દ્રજીના પવિત્ર ચરણકમળે ભક્તિભાવપૂર્વક પ્રણામ કરવા પ્રાર્થી ઊઠે છે:

''પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમ જ્ઞાન સુખધામ,
જેણે આપ્યું ભાનનિજ, તેને સદા પ્રણામ.''

## ૨. શ્રીમદ્દના પ્રેરક પ્રસંગો

શ્રીમદ્ રાજચન્દ્રના જીવનમાંથી કેટલાક પ્રસંગો જીવનને પ્રેરક અને માર્ગદર્શક થાય એમ છે. અહીં આપણે એવા થોડાક પ્રેરક પ્રસંગો જોઈએ. આ પ્રેરક પ્રસંગો - બોધકથાઓ - Parables - જેવા સચોટ અસરકારક છે.

એક વાર શ્રીમદ્ સુરત પધાર્યા હતા. ત્યાં શ્રી દેવકરણજી વગેરે મુનિઓ તેમના સમાગમે ગયા હતા. દેવકરણજીએ શ્રીમદ્દને પ્રશ્ન પૂછ્યો:

''શ્રી લલ્લુજી મહારાજ મને વ્યાખ્યાન આપી આવું ત્યારે અભિમાન કર્યું કહે છે, ધ્યાન કરું છું તેને તરંગરૂપ કહે છે; તો શું વીતરાગ પ્રભુ શ્રી લલ્લુજી મહારાજનું કરેલું સ્વીકારે અને મારું ન સ્વીકારે એવા પક્ષપાતવાળા હશે ?''

શ્રીમદે શાંતિથી ઉત્તર આપ્યો:

''સ્વચ્છંદથી જે જે કરવામાં આવે છે તે સઘળું અભિમાન જ છે, અસત્સાધન છે; અને સદ્ગુરુની આજ્ઞાથી જે કરવામાં આવે છે તે કલ્યાણકારી ધર્મરૂપ સત્સાધન છે.''

૨

શ્રીમદ્ ખંભાતમાં પહેલી વાર સાત દિવસ રહ્યા હતા. તે વખતે શ્રી લલ્લુજી મહારાજ રોજ શ્રીમદ્દના સમાગમને અર્થે તેમને ઉતારે જતા.

એક દિવસ શ્રી લલ્લુજી મહારાજે કહ્યું:

''હું બ્રહ્મચર્ય માટે પાંચ વર્ષથી એકાંતરા ઉપવાસ કરું છું; અને ધ્યાન વગેરે કરું છું. છતાં માનસિક પાલન બરાબર થઈ

શકતું નથી !''

શ્રીમદ્ રાજચન્દ્રે કહ્યું:

''લોકદષ્ટિએ (એ બધું) કરવું નહીં. લોકદેખામણ તપશ્ચર્યા કરવી નહીં પણ સ્વાદનો ત્યાગ થાય તેમ, પેટ ઊણું રહે તેમ ખાવું. સ્વાદિષ્ટ ભોજન હોય તે બીજાને આપી દેવું.''

૩

શ્રી લલ્લુજી મહારાજે એક વાર શ્રીમદ્‌ને કહ્યું:

''હું જે જે જોઉં છું તે ભ્રમ છે, જૂઠું છે, એમ અભ્યાસ કરું છું.''

શ્રીમદ્ કહે: ''આત્મા છે એમ જોયા કરો.''

૪

એક વાર મુનિશ્રી મોહનલાલજીએ શ્રીમદ્‌ને પૂછ્યું:

''મન સ્થિર રહેતું નથી, તેનો શો ઉપાય?''

શ્રીમદ્ કહે: ''એક પળ પણ નકામો કાળ કાઢવો નહીં. કોઈ સારું પુસ્તક, વૈરાગ્યાદિની વૃદ્ધિ થાય તેવું વાંચવું, વિચારવું. એ કંઈ ન હોય તો છેવટે માળા ગણવી. પણ જો મનને નવરું મેલશો તો ક્ષણ વારમાં સત્યાનાશ વાળી દે તેવું છે. માટે તેને સદ્‌વિચારરૂપ ખોરાક આપવો. જેમ ઢોરને કંઈ ને કંઈ ખાવાનું જોઈએ જ – ખાણનો ટોપલો આગળ મૂક્યો હોય તો તે ખાયા કરે – તેમ મનનું પણ છે. બીજા વિકલ્પો બંધ કરવા હોય તો તેને સદ્‌વિચારરૂપ ખોરાક આપવો. મન કહે તેથી ઊલટું વર્તવું, તેને વશ થઈ તણાઈ જવું નહીં.''

૫

એક વેળા ગાંધીજી ઇંગ્લૅંડના વડા પ્રધાનનાં પત્ની મિસિસ

ગ્લૅડસ્ટનની પોતાના પતિ પ્રત્યેના પ્રેમની સ્તુતિ શ્રીમદ્ આગળ કરવા લાગ્યા. ગાંધીજીએ ક્યાંક વાંચેલું. આમની સભામાં પણ મિસિસ ગ્લૅડસ્ટન પોતાના પતિને ચા બનાવીને પાતાં. આ વસ્તુનું પાલન આ નિયમબદ્ધ દંપતીના જીવનનો એક નિયમ થઈ પડ્યો હતો. શ્રીમદ્ આ સાંભળી કહે:

''એમાં તમને મહત્ત્વનું શું લાગે છે ? મિસિસ ગ્લૅડસ્ટનનું પત્નીપણું કે સેવાભાવ ? જો તે બાઈ ગ્લૅડસ્ટનનાં બહેન હોત તો ? અથવા તેની વફાદાર નોકર હોત ને તેટલા જ પ્રેમથી ચા આપત તો ? એવી બહેનો, એવી નોકરોનાં દૃષ્ટાન્તો આપણને આજે નહીં મળે ? અને નારીજાતિને બદલે એવો પ્રેમ નર જાતિમાં જોયો હોત તો તમને સાનંદાશ્ચર્ય ન થાત ? હું કહું છું તે વિચારજો.''

આ પ્રસંગ બાબતમાં ગાંધીજી લખે છે:

''રાયચંદભાઈ પોતે વિવાહિત હતા. એ વેળા તો મને તેમનું વચન કઠોર લાગેલું એવું સ્મરણ છે. પણ તે વચને મને લોહચુંબકની જેમ પકડ્યો. પુરુષ ચાકરની એવી વફાદારીની કિંમત પત્નીની વફાદારી કરતાં તો હજાર ગણી ચડે. પતિપત્ની વચ્ચે ઐક્ય હોય, એટલે તેમની વચ્ચે પ્રેમ હોય એમાં આશ્ચર્ય નથી. નોકર-શેઠ વચ્ચે તેવો પ્રેમ કેળવવો પડે. દિવસે દિવસે કવિના વચનનું બળ મારી આગળ વધતું જણાયું.''

૬

એક વખત કવિઠાના નિશાળિયાઓ વગડામાં બોધ સાંભળવા આવ્યા હતા. શ્રીમદે તેમને પૂછ્યું: ''છોકરાઓ, એક પ્રશ્ન પૂછું છું તેનો જવાબ તમે આપશો ?'' છોકરાઓએ કહ્યું: ''હા જી.''

શ્રીમદ્ કહે: ''તમારા એક હાથમાં છાશનો ભરેલો લોટો હોય અને બીજા હાથમાં ઘી ભરેલો લોટો હોય: અને તમને માર્ગે જતાં કોઈનો ધક્કો વાગે તો તે વખતે તમે કયા હાથના લોટાને જાળવશો ?''

ગિરધર નામનો છોકરો બોલ્યો: ''ઘીનો લોટો સાચવીશું.''

શ્રીમદ્ કહે: ''કેમ ? ઘી અને છાશ તો એકમાંથી ઉત્પન્ન થાય છે ને ?''

છોકરાએ કહ્યું: ''છાશ ઢળી જાય તો ઘણાય ફેરા કોઈ ભરી આપે. પણ ઘીનો લોટો કોઈ ભરી આપે નહીં.''

એ પરથી શ્રીમદ્ સાર સમજાવતાં બોલ્યા:

''છાશના જેવો આ દેહ છે. તેને આ જીવ સાચવે છે. અને ઘીની માફક આત્મા છે, તેને જતો કરે છે. એવી અવળી સમજણવાળો આ જીવ છે. પણ જો આત્માને ઘીની તુલ્ય મૂલ્યવાન જાણે તો આત્માને પણ સાચવે. અને આંચ આવે ત્યારે દેહને જતો કરે. કારણ દેહ તો એની મેળે જ મળવાનો છે. કર્મ ઉપાર્જન થયાં એટલે તે ભોગવવા રૂપે દેહ તો મફતનો જ મળવાનો છે.''

૭

શ્રીમદ્ સં. ૧૯૫૨માં પેટલાદથી કવિઠા પધાર્યા હતા. એક દિવસ ઝવેર શેઠને મેડે શ્રી પ્રાગજીભાઈ નામના એક ભાઈએ શ્રીમદ્નો બોધ સાંભળીને શ્રીમદ્ને કહ્યું:

''ભક્તિ તો ઘણીય કરવી છે. પણ પેટ ભગવાને આપ્યું છે તે ખાવાનું માગે છે; તેથી શું કરીએ ? લાચાર છીએ !''

શ્રીમદે પૂછ્યું: ''તમારા પેટને અમે જવાબ દઈએ તો ?''

એમ કહીને શ્રીમદે ઝવેર શેઠને ભલામણ કરતાં કહ્યું:

''તમો જે ભોજન કરતા હો, તે એમને બે વખત આપજો ને પાણીની મટકી આપજો. અને આ અપાસરાના મેડા પર બેઠા બેઠા ભક્તિ કરે. પણ શરત એટલી કે નીચે કોઈનો વરઘોડો જતો હોય અથવા બૈરાં ગીત ગાતાં જતાં હોય, તોપણ બહાર જોવું નહીં. સંસારની વાતો ન કરવી. કોઈ ભક્તિ કરવા આવે તો ભલે આવે. પણ બીજી કોઈ વાતચીત કરવી નહીં, તેમ સાંભળવી નહીં.''

પ્રાગજીભાઈ એ સાંભળી બોલી ઊઠ્યા:

''એ પ્રમાણે તો અમારાથી રહેવાય નહીં.''

એટલે શ્રીમદ્ બોલ્યા:

''આ જીવને ભક્તિ કરવી નથી, એટલે પેટ આગળ ધરે છે. ભક્તિ કરતાં કોણ ભૂખે મરી ગયો ? જીવ આમ છેતરાય છે.''

૮

એક વાર મુનિશ્રી મોહનલાલજીએ શ્રીમદ્દને પૂછ્યું:

''અમને કોઈ પૂછે કે કયું પ્રતિક્રમણ કરો છો, ત્યારે અમારે શું કહેવું ?''

શ્રીમદ્ બોલ્યા: ''તમારે કહેવું કે પાપથી નિવૃત્ત થવું એ અમારું પ્રતિક્રમણ છે.''

૯

શ્રીમદ્ એક દિવસ ઈડર પહાડ ઉપરની એક વિશાળ શિલા ઉપર બેસીને શ્રી લલ્લુજી વગેરે સાત મુનિઓ સાથે જ્ઞાનવાર્તા કરતા હતા. તે વેળાએ શ્રીમદે પ્રશ્ન રજૂ કર્યો: ''આપણે આટલે ઊંચે બેઠેલા છીએ. આપણને કોઈ નીચે રહેલો માણસ દેખી શકે?''

શ્રી લલ્લુજી મહારાજે કહ્યું: ''ના, ન દેખી શકે.''

એટલે શ્રીમદ્ કહે:

''તેમ જ નીચેની દશાવાળો જીવ ઊંચી દશાવાળા જ્ઞાનીનું સ્વરૂપ જેમ છે તેમ જાણી શકતો નથી. પણ યોગ્યતા પ્રાપ્ત થાય, અને ઉચ્ચ દશામાં આવે તો દેખી શકે.''

## ૩. શ્રીમદ્‌ની અમૃત પ્રસાદી

શ્રીમદ્‌નાં લખાણોને નીચે પ્રમાણે વહેંચી શકાય:

૧. મુમુક્ષુઓ પ્રત્યે લખાયેલા પત્રો.

૨. સ્વતંત્ર કાવ્યો.

૩. મોક્ષમાળા, ભાવનાબોધ, આત્મસિદ્ધિશાસ્ત્ર, એ ત્રણ સ્વતંત્ર ગ્રંથો.

૪. મુનિસમાગમ, પ્રતિમાસિદ્ધિ આદિ સ્વતંત્ર લેખો.

૫. સ્ત્રીનીતિબોધ વિભાગ-૧, પુષ્પમાળા, બોધવચન, વચનામૃત, મહાનીતિ આદિ સ્વતંત્ર બોધવચનમાળાઓ.

૬. પંચાસ્તિકાય ગ્રંથનું ગુજરાતી ભાષાન્તર.

૭. શ્રી રત્નકરંડ શ્રાવકાચારમાંથી ત્રણ ભાવનાઓનો અનુવાદ તથા સ્વરોદયજ્ઞાન, દ્રવ્યસંગ્રહ, દશવૈકાલિક આદિ ગ્રંથોમાંથી કેટલીક ગાથાઓનું ભાષાન્તર, આનન્દઘન ચોવીશીમાંથી કેટલાંક સ્તવનનો અર્થ.

૮. વેદાન્ત અને જૈનદર્શન સંબંધી નોંધો.

૯. ઉપદેશ નોંધ, ઉપદેશછાયા, વ્યાખ્યાસાર ૧-૨, (મુમુક્ષુની નોંધ).

૧૦. ત્રણ હાથનોંધો - અભ્યન્તર પરિણામ અવલોકન ઇત્યાદિ.

આ વિવિધ સામગ્રીઓ છે. સૌથી પહેલાં સોળ વર્ષ પહેલાંના સ્વતંત્ર પુસ્તકનો પરિચય કરીશું.

ગ્રંથારંભમાં શ્રીમદ્‌જીએ લખેલી કાવ્યપંક્તિઓ:

શાર્દૂલવિક્રીડિત વૃત્ત

ગ્રન્થારંભ પ્રસંગ રંગ ભરવા કોડે કરું કામના,
બોધું ધર્મદ મર્મ ભર્મ હરવા, છે અન્યથા કામના,
ભાખું મોક્ષ સુબોધ ધર્મ ધનના, જોડે કથું કામના,
એમાં તત્ત્વવિચાર સત્ત્વ સુખદા, પ્રેરો પ્રભુ કામના.

## ૧. પુષ્પમાળા

'પુષ્પમાળા' એ શ્રીમદ્‌નું સોળ વર્ષની ઉંમર પહેલાંનું લખાણ છે. તેમાં સૂત્રાત્મક વાક્યોની શૈલીથી, તથા માળાની પેઠે નિત્ય આવર્તન કરી શકાય એ હેતુથી ૧૦૮ સુવાક્યો લખ્યાં છે. નવા ઊછરતા યુવાનોની કેળવણીમાં સાચી કેળવણીની જે ખામી છે તે દૂર કરી, તેમને અયોગ્ય વાચનમાંથી બચાવી, તેમને સન્માર્ગે દોરવાનું તેમાં પ્રયોજન છે. આ કૃતિ કોઈ સંપ્રદાયને અનુલક્ષીને નહીં પણ સર્વસાધારણ નૈતિક ધર્મ અને કર્તવ્યની દૃષ્ટિએ લખાયેલી છે. માળાના મણકાની જગ્યાએ ૧૦૮ નૈતિક પુષ્પોથી ગૂંથાયેલી છે. બધા મણકાઓ તો સ્થળસંકોચને લઈને આપણે નહીં ફેરવી શકીએ પણ ખાસ ખાસ મણકાઓ નીચે આપીએ છીએ:

૧. રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત થયા,

ભવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરજો.

૬. અઘટિત કૃત્યો થયાં હોય તો શરમાઈને મન, વચન, કાયાના યોગથી તે ન કરવાની પ્રતિજ્ઞા લે.

૭. જો તું સ્વતંત્ર હોય તો સંસારસમાગમે તારા આજના દિવસના નીચે પ્રમાણે ભાગ પાડ:

(૧)૧ પ્રહર – ભક્તિકર્તવ્ય (૨) ૧ પ્રહર – ધર્મકર્તવ્ય
(૩)૧ પ્રહર – આહારપ્રયોજન (૪) ૧ પ્રહર – વિદ્યાપ્રયોજન
(૫)૨ પ્રહર – નિદ્રા (૬) ૨ પ્રહર – સંસારપ્રયોજન

૨૬. જો તું સમજણો બાલક હોય તો વિદ્યાભણી અને આજ્ઞાભણી દૃષ્ટિ કર.

૨૭. જો તું યુવાન હોય તો ઉદ્યમ અને બ્રહ્મચર્ય ભણી દૃષ્ટિ કર.

૨૮. જો તું વૃદ્ધ હોય તો મોત ભણી દૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કર.

૫૩. પવિત્રતાનું મૂળ સદાચાર છે.

૫૫. વચન શાંત, મધુર, કોમળ, સત્ય અને શૌચ બોલવાની સામાન્ય પ્રતિજ્ઞા લઈ આજના દિવસમાં પ્રવેશ કરજે.

૭૩. આજના દિવસમાં આટલી વસ્તુને બાધ ન અણાય તો જ વાસ્તવિક વિચક્ષણતા ગણાય:

(૧) આરોગ્ય, (૨) મહત્તા, (૩) પવિત્રતા, (૪) ફરજ.

૧૦૭. આ સઘળાંનો સહેલો ઉપાય આજે કહી દઉં છું કે દોષને ઓળખીને દોષને ટાળવા.

૧૦૮. લાંબી, ટૂંકી કે ક્રમાનુક્રમ ગમે તે સ્વરૂપે આ મારી કહેલી પવિત્રતાનાં પુષ્પોથી છવાયેલી માળા પ્રભાતના

વખતમાં, સાયંકાળે અને અન્ય અનુકૂળ નિવૃત્તિએ વિચારવાથી મંગળદાયક થશે.

વિશેષ શું કહું ?

## ૨. સ્ત્રીનીતિ બોધ

આ પુસ્તક ખાસ કરીને સ્ત્રીકેળવણીને અનુલક્ષીને લખવામાં આવ્યું છે.

## ૩.

૩. આ જ ગાળામાં બોધવચનો પણ ઘણાં લખેલાં જોવા મળે છે. દરેક સાધકે એ વાંચી જવા યોગ્ય છે.

## ૪. નિત્ય સ્મૃતિ

૧. જે મહાકામ માટે તું જન્મ્યો છે તે મહાકામનું અનુપ્રેક્ષણ કર.

૨. ધ્યાન ધરી જા, સમાધિસ્થ થા.

૩. વ્યવહારકામને વિચારી જા. જેનો પ્રમાદ થયો છે તે માટે હવે પ્રમાદ ન થાય તેમ કર. જેમાં સાહસ થયું હોય, તેમાંથી હવે તેવું ન થાય તેવો બોધ લે.

૪. દૃઢ યોગી છો, તેવો જ રહે.

૫. કોઈ પણ અલ્પ ભૂલ તારી સ્મૃતિમાંથી જતી નથી એ મહાકલ્યાણ છે.

૬. લેપાઈશ નહીં.

૭. મહાગંભીર થા.

૮. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વિચારી જા.

૯. યથાર્થ કર.

૧૦. કાર્યસિદ્ધિ કરીને ચાલ્યો જા.

## સહજ પ્રકૃતિ

૧. પરનિન્દા એ જ સબળ પાપ માનવું.

૨. દુર્જનતા કરી ફાવવું એ જ હારવું એમ માનવું.

૩. આત્મજ્ઞાન અને સજ્જન સંગત રાખવાં.

*

''જ્ઞાની કે અજ્ઞાની જન સુખદુ:ખરહિત ન હોય,
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય.
જન્મ જરા ને મૃત્યુ, મુખ્ય દુ:ખના હેતુ
કારણ તેનાં બે કહ્યાં, રાગ દ્વેષ અણહેતુ.''

વર્ષ ૧૭મું: સોળ વર્ષ અને પાંચ મહિનાની ઉંમરે 'મોક્ષમાળા' રચી.

આ મોક્ષમાળાના પણ ૧૦૮ શિક્ષાપાઠ છે. એમાંથી સ્થળાવકાશ પ્રમાણે કેટલાક અહીં ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. શ્રીમદ્જીના કહેવા પ્રમાણે આ પાઠ માત્ર વાંચવાના નથી, વાંચીને મનન કરવાના છે. મનન કરવાથી ઘણું મેળવી શકાય છે.

શિક્ષાપાઠ ૧ : તમે જે પુસ્તકો ભણ્યા છો, અને હજુ ભણો છો તે પુસ્તકો માત્ર સંસારનાં છે; પરંતુ આ પુસ્તક તો ભવપરભવ બન્નેમાં તમારું હિત કરશે. ભગવાનનાં કહેલાં વચનોનો એમાં થોડો ઉપદેશ છે.

તમારા આત્માનું આથી હિત થાય, તમને જ્ઞાન, શાંતિ અને આનંદ મળે, તમે પરોપકારી, દયાળુ, ક્ષમાવાન, વિવેકી અને બુદ્ધિશાળી થાઓ એવી શુભ યાચના અર્હત્ ભગવાન કને કરી

આ પાઠ પૂર્ણ કરું છું.

શિક્ષાપાઠ ૪: મોતની પળ નિશ્ચય આપણે જાણી શકતાં નથી માટે જેમ બને તેમ ધર્મમાં ત્વરાથી સાવધાન થવું.

શિક્ષાપાઠ ૫૦: પ્રમાદ: ધર્મની અનાદરતા, ઉન્માદ, આળસ, કષાય એ સઘળાં પ્રમાદનાં લક્ષણ છે.

શિક્ષાપાઠ ૫૧: વિવેક એટલે શું ? અહો ! વિવેક એ જ ધર્મનું મૂળ અને ધર્મરક્ષક કહેવાય છે, તે સત્ય છે. આત્મસ્વરૂપને વિવેક વિના ઓળખી શકાય નહીં એ પણ સત્ય છે. જ્ઞાન, શીલ, ધર્મ, તત્ત્વ અને તપ એ સઘળાં વિવેક વિના ઉદય પામે નહીં. જે વિવેકી નથી તે અજ્ઞાની છે અને મંદ છે. તે જ પુરુષ મતભેદ અને મિથ્યાદર્શનમાં લપટાઈ રહે છે.

'ભાવનાબોધ' પુસ્તક સં. ૧૯૪૨માં શ્રીમદે ૧૮ વર્ષની વયે રચ્યું હતું. આ ગ્રંથ ટૂંકો છે પણ વૈરાગ્યથી ભરપૂર છે. સુપાત્રતા પામવાનું અને ક્રોધલોભમોહાદિ કષાય દૂર કરવાનું આ ગ્રંથ ઉત્તમ સાધન છે. 'ભાવનાબોધ'ની બાર ભાવનાઓ નીચે મુજબ છે:

૧. અનિત્યભાવના: જીવનો મૂળધર્મ અવિનાશી છે એમ ચિંતવવું.

૨. અશરણભાવના: સંસારમાં જીવને કોઈનું શરણ નથી. શુભ ધર્મનું શરણ સત્ય છે.

૩. સંસારભાવના: આ સંસાર મારો નથી. હું મોક્ષમયી છું.

૪. એકત્વભાવના: મારો આત્મા એકલો છે. એકલો આવ્યો છે અને એકલો જશે. પોતાનાં કરેલાં કર્મો એકલો ભોગવશે એમ અન્ત:કરણથી ચિંતવવું.

૫. અન્યત્વભાવના: આ સંસારમાં કોઈ કોઈનું નથી.

૬. અશુચિભાવના: આ શરીર અપવિત્ર છે. મળમૂત્રની ખાણ છે. હું ન્યારો છું.

૭. આશ્રવભાવના: રાગ, દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ વગેરે આશ્રવ છે.

૮. સમ્વરભાવના: જ્ઞાન, ધ્યાનમાં પ્રવર્તમાન થઈને જીવ નવાં કર્મ બાંધે નહીં તે.

૯. નિર્જરાભાવના: જ્ઞાન સહિત ક્રિયા કરવી તે નિર્જરાનું કારણ છે.

૧૦. લોકસ્વરૂપભાવના: ચૌદરાજ લોકનું સ્વરૂપ વિચારવું તે.

૧૧. બોધદુર્લભભાવના: સંસારમાં ભમતા આત્માને સમ્યક્જ્ઞાનની પ્રસાદી પ્રાપ્ત થવી દુર્લભ છે એ ચિંતવવું.

૧૨. ધર્મદુર્લભભાવના: ધર્મના ઉપદેશક તથા શુદ્ધશાસ્ત્રના બોધક એવા ગુરુ અને એવું શ્રવણ મળવું દુર્લભ છે એમ ચિંતવવું.

શ્રીમદે 'મોક્ષમાળા', 'પુષ્પમાળા' વગેરે ગ્રંથો રચ્યા છે. એ અરસામાં જ એમણે સંસ્કૃત મહાકાવ્યના નિયમાનુસારે 'નમિરાજ' નામે એક કાવ્યગ્રંથ લખ્યો છે. તેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થોનો ઉપદેશ કરી અંતે મોક્ષમાર્ગ વર્ણવ્યો છે. આ પાંચ હજાર શ્લોકનો ગ્રંથ તેમણે છ દિવસમાં રચ્યો હતો. 'સાક્ષાત્ સરસ્વતી' નામના પુસ્તકમાં આનો ઉલ્લેખ મળે છે.

વર્ષ ૧૯મું: એમનો અવધાનકાળ ગણાય છે. શ્રીમદ્જી શતાવધાની હતા અને આવા અવધાનના એમણે અનેક પ્રયોગો

કરી લોકોને બતાવ્યા હતા. શ્રીમદ્‌જીના અવધાન પ્રસંગે એ પોતે શીઘ્ર કાવ્ય પણ રચી લેતા હતા. 'સુબોધસંગ્રહ' નામના પુસ્તકમાં આવાં કાવ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વર્ષ ૨૦મું: મહાનીતિ-વચન સપ્તશતીની રચના કરી. ૭૦૦ જેટલાં આચારમાં ઉપયોગી સુવાક્યો એમણે આ વીસમા વર્ષમાં લખ્યાં હતાં. એમાંથી થોડાંક જ વાક્યોનો નીચે ઉલ્લેખ કર્યો છે, જેથી એની ગંભીરતા પામી શકાય.

૧. સત્ય પણ કરુણામય બોલવું.
૨. નિર્દોષ સ્થિતિ રાખવી.
૩. સાહસ કર્તવ્ય પહેલાં વિચાર રાખવો.
૪. લોકનિંદાથી ડરું નહીં.
૫. અસત્ય ઉપદેશ આપું નહીં.
૬. અહંપદ રાખું કે ભાખું નહીં.
૭. અન્યને મોહ ઊપજાવે એવો દેખાવ કરું નહીં.
૮. જેમાંથી નશો થાય તે સેવું નહીં.
૯. વિદ્વાનોને સન્માન આપું.
૧૦. વિદ્વાનોને માયા કહું નહીં.
૧૧. માયાવીને વિદ્વાન કહું નહીં.
૧૨. જ્ઞાનની નિંદા કરું નહીં.
૧૩. ઉપદેશકને દ્વેષથી જોઉં નહીં.
૧૪. વેરીના સત્ય વચનને માન આપું.

વર્ષ ૨૨મું: શ્રીમદે પોતાના મિત્રોને કાગળોમાં ઘણા ઘણા ઉપદેશો આપ્યા છે. આપણે એમાંથી બેચાર ઉપદેશામૃત અહીં જોઈશું:

૧. ''ઉદાસીનતા એ અધ્યાત્મની જનની છે.''

૨. ''બીજાં સાધન બહુ કર્યાં, કરી કલ્પના આપ;
અથવા અસદ્‌ગુરુ થકી, ઊલટો વધ્યો ઉતાપ.

*

પૂર્વપુણ્યના ઉદયથી, મળ્યો સદ્‌ગુરુ યોગ,
વચનસુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ.
નિશ્ચય એથી આવિયો, ટળશે અહીં ઉતાપ,
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ.''

૩. કેટલીક વાતો એવી છે કે માત્ર આત્માને ગ્રાહ્ય છે અને મન, વચન, કાયાથી પર છે. કેટલીક વાતો એવી છે કે જે વચન, કાયાની પડછે પણ છે.

વર્ષ ૨૩ અને ૨૪મું: એમના સાક્ષાત્કારનું વર્ષ ગણાય છે. નીચેનાં બે વાક્યોમાં એવો કંઈક ભાવ છે:

''આજ મન ઉછરંગ અનુપમ, જન્મકૃતાર્થ જોગ જણાયો;
વાસ્તવ્ય વસ્તુ, વિવેક, વિવેચક તે ક્રમ સ્પષ્ટ સુમાર્ગ ગણાયો.''

* * *

વર્ષ ૨૪મું: આત્મસાક્ષાત્કારના અનુભવનું વર્ણન શ્રીમદ્‌જીએ કારતક સુદ ૧૪, ૧૯૪૭ના પત્રમાં કર્યું છે. પણ આની સાથે જ સં. ૧૯૪૪ના અષાઢ વદ ત્રીજને દિવસે લખેલા પત્રમાં જણાવ્યું છે એ પણ જાણવું જરૂરી છે:

''આ એક અદ્‌ભુત વાત છે, ડાબી આંખમાંથી ચારપાંચ દિવસ થયા એક નાના ચક્ર જેવો વીજળી સમાન ઝબકારો થયા કરે છે, જે આંખથી જરા દૂર જઈ ઓલવાય છે. મારી દૃષ્ટિમાં વારંવાર તે જોવામાં આવે છે. એ ખાતે કોઈ ભ્રમણા નથી.

નિમિત્ત કારણ કાંઈ જણાતું નથી.'' હવે આપણે જોઈએ સં. ૧૯૪૭ કારતક સુદ ૧૪નો લખેલો પત્ર:

''આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે; ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે. સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે. હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ આપણને પામવી બાકી છે, જે સુલભ છે.''

* * *

''સત્‌શ્રદ્ધા પામીને જે કોઈ તમને ધર્મ નિમિત્તે ઇચ્છે તેનો સંગ રાખો.''

* * *

એક બીજા પત્રમાં શ્રીમદ્‌જી જણાવે છે કે:

''તમને બધાંને ખુલ્લી કલમથી જણાવી દેવાની ઇચ્છા થતાં જણાવું છું કે હજુ સુધી મેં તમને માર્ગના મર્મનો કોઈ અંશ જણાવ્યો નથી, અને જે માર્ગ પામ્યા વિના કોઈ રીતે જીવનો છૂટકો થવો કોઈ કાળે સંભવિત નથી, તે માર્ગ જો તમારી યોગ્યતા હશે તો આપવાની સમર્થતાવાળો પુરુષ બીજો તમારે શોધવો નહીં પડે. એમાં કોઈ રીતની પોતાની સ્તુતિ કરી નથી.

આ આત્માને આવું લખવાનું યોગ્ય લાગતું નથી છતાં લખ્યું છે.''

''અલખનામ ધુનિ લાગી ગગનમેં, મગન ભયા મન મેરાજી,
આસન મારી સુરત દૃઢધારી, દિયા અગમ ઘર ડેરા જી.''

''ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણ વારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે.''

* * *

''સત્' એ કંઈ દૂર નથી, પણ દૂર લાગે છે. અને એ જ જીવનો મોહ છે.''

''મનથી કરેલો નિશ્ચય સાક્ષાત્ નિશ્ચય માનશો નહીં, જ્ઞાનીથી થયેલો નિશ્ચય જાણીને પ્રવર્તવામાં કલ્યાણ છે.''

શ્રીમદ્‌નો સર્વોપરી ઉપદેશ:

''શરીર કૃશ કરી, માંહેનું તત્ત્વ શોધી, કલેવરને ફેંકીને ચાલ્યા જાઓ, વિષયકષાયરૂપી ચોરને અંદરથી બહાર કાઢી, બાળીઝાળી, ફૂંકી મૂકી શાન્ત થાઓ, છૂટી જાઓ, શરમાઈ જાઓ, શાન્તિ, શાન્તિ, શાન્તિ થાઓ, વહેલા, વહેલા, તાકીદ કરો.''

* * *

વર્ષ ૨૯મું: ૨૯મા વર્ષે આધ્યાત્મિકવિષયક પદ્યગ્રંથ 'શ્રી: આત્મસિદ્ધિશાસ્ત્ર' એક જ બેઠકે ૧૪૨ ગાથાઓમાં રચ્યો છે.

તત્ત્વજ્ઞાનના મહાન પ્રશ્નોને આવી સરળ ભાષામાં વ્યક્ત કરવા એ ખરેખર મહાપ્રજ્ઞાવંતનું કાર્ય છે. શ્રીમદ્‌નાં બીજાં બધાં લખાણો કરતાં 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ની રચના જુદી જ તરી આવે છે. ટૂંકા, સરળ શબ્દો સહિત નય કે ન્યાયનાં અટપટાં અનુમાનો કે ખંડનમંડનની ક્લિષ્ટતારહિત, સૌ કોઈ મુમુક્ષુ જીવને ભોગ્ય શ્રેયસ્કર સામગ્રીથી સમૃદ્ધ એવો આ ગ્રંથ શ્રીમદ્‌ની આત્મોન્નતિકર સાધનાના પરિપાક સમો છે.

આરંભમાં લખે છે:

નડિયાદ આસો વદ ૧, ગુરુ ૧૯૫૨

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુ:ખ અનન્ત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવન્ત.

વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ,
ગુરુ શિષ્ય સંવાદથી, કહીએ તે અગોપ્ય.

આ ૧૪૨ ગાથાઓ દરેક માણસે સમજવા જેવી છે. તત્ત્વજ્ઞાનથી ભરપૂર ગુરુ-શિષ્યના સંવાદરૂપે પ્રગટ કરવામાં આવી છે. પરંતુ એ વિષય દાર્શનિક, તર્કપ્રધાન અને જૈન સંપ્રદાય સિદ્ધ હોવાથી તેનો રસાસ્વાદ અનુભવવા માટે જૈન પરિભાષા અને જૈન તત્ત્વજ્ઞાનના સ્પષ્ટ સંસ્કારો મેળવવા આવશ્યક છે. આત્મસિદ્ધિશાસ્ત્રની થોડીક ગાથાઓનો અહીં આપણે પરિચય કરશું.

બંધ મોક્ષ છે કલ્પના ભાખે વાણી માંહી;
વર્તે મોહાવેશમાં શુષ્કજ્ઞાની તે આંહી. ૫

બંધમોક્ષ માત્ર કલ્પના છે, એવાં નિશ્ચય વાક્ય માત્ર વાણીમાં બોલે છે, અને તદ્‌રૂપ દશા થઈ નથી, મોહના પ્રભાવમાં વર્તે છે. એ અહીં શુષ્ક જ્ઞાની કહ્યા છે.

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન,
તેમ જ આતમજ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન ૬

વૈરાગ્ય, ત્યાગ, દયા આદિ અંતરંગ વૃત્તિવાળી ક્રિયા છે તે જો સાથે આત્મજ્ઞાન હોય તો સફળ છે. અર્થાત્ ભવનું મૂળ છેદે છે. એટલે જીવમાં પ્રથમ એ ગુણો આવ્યેથી સદ્‌ગુરુનો ઉપદેશ તેમાં પરિણામ પામે છે. ઉજ્જવળ અંતઃકરણ વિના સદ્‌ગુરુનો ઉપદેશ પરિણમતો નથી.

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ - ૮

સદ્‌ગુરુ લક્ષણ:
સ્વરૂપસ્થિત ઇચ્છારહિત, વિચરે પૂર્વપ્રયોગ;
અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય.
આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય.-૧૦
ષટ્ પદ નામ કથન:
'આત્મા છે' 'તે નિત્ય છે' છે કર્તા નિજકર્મ;
'છે ભોક્તા' વળી 'મોક્ષ છે,' 'મોક્ષ ઉપાય સુધર્મ'.-૪૩
પ્રથમ પદ: આત્મા છે
આત્માના અસ્તિત્વ વિશે શિષ્ય શંકા કરે છે:
''નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહિ, તેથી ન જીવસ્વરૂપ.''
ગુરુ પછી શિષ્યની શંકાનું નીચે પ્રમાણે નિવારણ કરે છે:
''ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન.-૪૯
પ્રથમ પદ: 'આત્મા છે.'

જેમ ઘટ પટ આદિ પદાર્થો છે તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટ પટ આદિ હોવાનું પ્રમાણ છે, તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્ય સત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિશે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

બીજું પદ: 'આત્મા નિત્ય છે.'

ઘટ પટ આદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે, આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે કેમ કે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવ

યોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમ કે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય તેનો કોઈને વિશે લય પણ હોય નહીં.

ત્રીજું પદ: 'આત્મા કર્તા છે.'

સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામક્રિયા સહિત જ સર્વપદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન માટે કર્તા છે, તે કર્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે. પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે, અનુપચરિત (અનુભવોમાં આવવા યોગ્ય - વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્ય કર્મનો કર્તા છે, ઉપચારથી ઘર, નગર આદિનો કર્તા છે.

ચોથું પદ: 'આત્મા ભોક્તા છે.'

જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ, સાકર ખાવાથી સાકરનું ફળ, અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ, હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ થાય છે. તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોક્તા છે.

પાંચમું પદ: 'મોક્ષ પદ છે.'

જે અનુપચરિત - વ્યવહારથી જીવને કર્મનું કર્તાપણું નિરૂપણ કર્યું, કર્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું તે કર્મનું

ટાળવાપણું પણ છે. કેમ કે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું અનભ્યાસથી - તેના અપરિચયથી - તેને ઉપશમ કરવાથી - તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે - ક્ષીણ થઈ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

છઠ્ઠું પદ: તે મોક્ષનો ઉપાય છે.

જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં. પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે. સાધનાના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે, માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.

પ્રજ્ઞાચક્ષુ વિદ્વત્વર્ય પંડિત સુખલાલજી યથાર્થ કહે છે:

''જે ઉંમરે અને જેટલા ટૂંક વખતમાં શ્રીમદે 'આત્મસિદ્ધ'માં પોતે પચાવેલ જ્ઞાન ગૂંથ્યું છે તેનો વિચાર કરું છું ત્યારે મારું મસ્તક ભક્તિભાવે નમી પડે છે એટલું જ નહીં, પણ મને લાગે છે કે તેમણે આધ્યાત્મિક મુમુક્ષુને આપેલી આ ભેટ એ તો સેંકડો વિધાનોએ આપેલી સાહિત્યિક ગ્રંથરાશિની ભેટ કરતાં વિશેષ મૂલ્યવંતી છે.''

જેને આત્મકલેશ ટાળવો છે, જે પોતાનું કર્તવ્ય જાણવા ઉત્સુક છે, જે શ્રેયાર્થી છે - મોક્ષાર્થી છે તેને શ્રીમદ્ રાજચન્દ્રનાં અમૃત-પ્રસાદીરૂપ લખાણો અતીવ ઉપયોગી થઈ પડે તેમ અવશ્ય છે.

''આધુનિક સમગ્ર જૈન સાહિત્યની દૃષ્ટિએ, વિશેષ કરીને

જૈન તત્ત્વજ્ઞાન અને ચારિત્રવિષયક ગુજરાતી સાહિત્યની દષ્ટિએ શ્રીમદ્‌નાં લખાણોનું ભારે મૂલ્ય છે.''

**પંડિત સુખલાલજી**

૩૦મે વર્ષે ઈડરથી પત્ર લખ્યો છે:

ઈડર, વૈશાખ વદ ૧૨, શુક્ર, ૧૯૫૩

''કેવળ નિરાશા પામવાથી જીવને સત્સમાગમનો પ્રાપ્ત લાભ પણ શિથિલ થઈ જાય છે. સત્સમાગમના અભાવનો ખેદ રાખતાં છતાં પણ સત્સમાગમ થયો છે એ પરમપુણ્ય યોગ બન્યો છે, માટે સર્વસંગ ત્યાગ યોગ બનતાં સુધીમાં ગૃહસ્થ પાસે સ્થિતિ હોય ત્યાં પર્યન્ત તે પ્રવૃત્તિ, નીતિસહ, કંઈ પણ જાળવી લઈને પરમાર્થમાં ઉત્સાહ સહિત પ્રવર્તી વિશુદ્ધિસ્થાનક નિત્ય અભ્યાસતાં રહેવું એ જ કર્તવ્ય છે.''

''ચિત્તમાં તમે પરમાર્થની ઈચ્છા રાખો છો એમ છે; તથાપિ તે પરમાર્થની પ્રાપ્તિને અત્યન્તપણે બાધ કરવાવાળા એવા જે દોષ તે પ્રત્યે અજ્ઞાન, ક્રોધ, માનાદિના કારણથી ઉદાસ થઈ શકતા નથી અથવા તેની અમુક વળગણામાં રુચિ વહે છે, તે પરમાર્થને બાધ કરવાનાં કારણ જાણી અવશ્ય સર્પના વિષની પેઠ ત્યાગવા યોગ્ય છે. કોઈનો દોષ જોવો ઘટતો નથી: સર્વ પ્રકારે જીવના દોષનો જ વિચાર કરવો ઘટે છે.''

પૂ. મહાત્મા ગાંધીજીને, ડરબન આફ્રિકાથી પૂછેલા પ્રશ્નોના, આ પત્રમાં વિસ્તારથી જવાબ આપ્યા છે. એ પત્ર અહીં નીચે આપ્યો છે:

મુંબઈ, આસો વદ ૬, શનિ, ૧૯૫૦

સત્પુરુષને નમસ્કાર

આત્માર્થી ગુણગ્રાહી સત્સંગયોગ ભાઈશ્રી મોહનલાલ પ્રત્યે - ડરબન, શ્રી મુંબઈથી લિ. જીવનમુક્તદશાઇચ્છક **રાયચંદના** આત્મસ્મૃતિપૂર્વક યથાયોગ્ય પહોંચે.

અત્ર કુશળતા છે. તમારું લખેલું એક પત્ર મને પહોંચ્યું છે. કેટલાંક કારણોથી ઉત્તર લખવામાં ઢીલ થઈ હતી. તમારા લખેલા પત્રમાં જે આત્માદિ વિષય પરત્વે પ્રશ્નો છે અને જે પ્રશ્નોના ઉત્તર જાણવાની તમારા ચિત્તમાં વિશેષ આતુરતા છે, તે બન્ને પ્રત્યે મારું અનુમોદન સહજે સહજે છે, પણ જેવામાં તમારું પત્ર મને મળ્યું તેવામાં તેના ઉત્તર લખી શકાય એવી મારા ચિત્તની સ્થિતિ નહોતી. અને ઘણું કરીને તેમ થવાનું કારણ પણ તે પ્રસંગોમાં બાહ્યોપાધિ પ્રત્યેનો વૈરાગ્ય વિશેષ પરિણામ પામ્યો હતો તે હતું, અને તેમ હોવાથી તે પત્રના ઉત્તર લખવા જેવા કાર્યમાં પણ પ્રવૃત્તિ થઈ શકે તેમ નહોતું.

હવે પ્રારબ્ધોદયે જ્યારે સમાગમ થાય ત્યારે કંઈ પણ તેવી જ્ઞાનવાર્તા થવાનો પ્રસંગ થાય તેવી આકાંક્ષા રાખી સંક્ષેપમાં તમારા પ્રશ્નોનો ઉત્તર લખું છું. જે પ્રશ્નોના ઉત્તર વિચારવાને નિરંતર તત્સંબંધી વિચારરૂપ અભ્યાસની આવશ્યકતા છે, તે ઉત્તર સંક્ષેપમાં લખવાનું થયું છે, તેથી કેટલાક સંદેહની નિવૃત્તિ વખતે થવી કઠણ પડશે, તોપણ મારા ચિત્તમાં એમ રહે છે કે મારા વચન પ્રત્યે કંઈ પણ વિશેષ વિશ્વાસ છે, અને તેથી તમને ધીરજ રહી શકશે, અને પ્રશ્નોનું યથાયોગ્ય સમાધાન થવાને અનુક્રમે કારણભૂત થશે એમ મને લાગે છે. તમારા પત્રમાં ૨૭

પ્રશ્નો છે તેના સંક્ષેપ ઉત્તર નીચે લખું છું:

પ્ર. ૧ (૧) આત્મા શું છે ? (૨) તે કંઈ કરે છે ? (૩) અને તેને કર્મ નડે છે કે નહીં ?

ઉ. (૧) જેમ ઘટપટાદિ જડ વસ્તુઓ છે તેમ આત્મા જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે. ઘટપટાદિ અનિત્ય છે. ત્રિકાળ એક સ્વરૂપે સ્થિતિ કરી રહી શકે એવા નથી. આત્મા એકસ્વરૂપે ત્રિકાળ સ્થિતિ કરી શકે એવો નિત્ય પદાર્થ છે. જે પદાર્થની ઉત્પત્તિ કોઈ પણ સંયોગથી થઈ શકી ન હોય, તે પદાર્થ નિત્ય હોય છે. આત્મા કોઈ પણ સંયોગથી બની શકે એમ જણાતું નથી. કેમ કે જડના હજારો ગમે સંયોગો કરીએ તોપણ તેથી ચેતનની ઉત્પત્તિ નહીં થઈ શકવા યોગ્ય છે. જે ધર્મ જે પદાર્થમાં હોય નહીં, તેવા ઘણા પદાર્થો ભેળા કરવાથી પણ તેમાં જે ધર્મ નથી તે ઉત્પન્ન થઈ શકે નહીં, એવો સૌનો અનુભવ થઈ શકે એમ છે. જે ઘટપટાદિ પદાર્થો છે તેને વિશે જ્ઞાનસ્વરૂપતા જોવામાં આવતી નથી. તેવા પદાર્થોના પરિણામાન્તર કરી સંયોગ કર્યો હોય અથવા થયા હોય તોપણ તેવી જ જાતિના થાય, અર્થાત્ જડસ્વરૂપ થાય, પણ જ્ઞાનસ્વરૂપ ન થાય. તો પછી તેવા પદાર્થના સંયોગે આત્મા કે જેને જ્ઞાની પુરુષો મુખ્ય જ્ઞાનસ્વરૂપ લક્ષણવાળો કહે છે, તે તેવા (ઘટપટાદિ, પૃથ્વી, જળ, વાયુ, આકાશ) પદાર્થથી ઉત્પન્ન કોઈ રીતે થઈ શકવા યોગ્ય નથી. જ્ઞાનસ્વરૂપપણું એ આત્માનું મુખ્ય લક્ષણ છે, અને તેના અભાવવાળું મુખ્ય લક્ષણ જડનું છે. તે બન્નેના અનાદિ સહજ સ્વભાવ છે. આ તથા બીજાં તેવાં પ્રમાણો આત્માને નિત્ય પ્રતિપાદન કરી શકે છે. તેમ જ તેનો વિશેષ વિચાર કર્યે

સહજસ્વરૂપ નિત્યપણે આત્મા અનુભવવામાં પણ આવે છે. જેથી સુખદુ:ખાદિ ભોગવનાર, તેથી નિવર્તનાર, વિચારનાર, પ્રેરણા કરનાર એ આદિભાવો જેના વિદ્યમાનપણાથી અનુભવમાં આવે છે, તે આત્મા મુખ્ય ચેતન (જ્ઞાન) લક્ષણવાળો છે. અને તે ભાવે (સ્થિતિએ) કરી તે સર્વ કાળ રહી શકે એવો નિત્ય પદાર્થ છે, એમ માનવામાં કંઈ પણ દોષ કે બાધ જણાતો નથી, પણ સત્યનો સ્વીકાર થયા રૂપ ગુણ થાય છે.

આ પ્રશ્ન તથા તમારા બીજા કેટલાક પ્રશ્નો એવા છે કે, જેમાં વિશેષ લખવાનું તથા કહેવાનું અને સમજાવવાનું અવશ્ય છે. તે પ્રશ્ન માટે તેવા સ્વરૂપમાં ઉત્તર લખવાનું બનવું હાલ કઠણ હોવાથી પ્રથમ 'ષટ્દર્શન-સમુચ્ચય' ગ્રંથ તમને મોકલ્યો હતો કે જે, વાંચવા-વિચારવાથી તમને કંઈ પણ અંશે સમાધાન થાય.

(૨) જ્ઞાનદશામાં, પોતાના સ્વરૂપના યથાર્થબોધથી ઉત્પન્ન થયેલી દશામાં તે આત્મા નિજભાવનો, એટલે જ્ઞાનદર્શન (યથાસ્થિત નિર્ધાર) અને સહજ સમાધિપરિણામનો કર્તા છે. અજ્ઞાનદશામાં ક્રોધ, માન, માયા, લોભ એ આદિ પ્રકૃતિનો કર્તા છે અને ભાવનાં ફળનો ભોક્તા થતાં પ્રસંગવશાત્ ઘટપટાદિ પદાર્થનો નિમિત્તપણે કર્તા છે, અર્થાત્ ઘટપટાદિ પદાર્થના મૂળ દ્રવ્યનો તે કર્તા નથી, પણ તેને કોઈ આકાશમાં લાવવારૂપ ક્રિયાનો કર્તા છે. એ જે પાછળ તેની દશા કહી તેને જૈન કર્મ કહે છે; વેદાન્ત ભ્રાન્તિ કહે છે; તથા બીજા પણ તેને અનુસરતા એવા શબ્દ કહે છે. વાસ્તવ્ય વિચાર કર્યેથી આત્મા ઘટપટાદિનો તથા ક્રોધાદિનો કર્તા થઈ શકતો નથી, માત્ર નિજ સ્વરૂપ એવા જ્ઞાનપરિણામનો જ કર્તા છે, એમ સ્પષ્ટ સમજાય છે.

(૩) અજ્ઞાન ભાવથી કરેલાં કર્મ પ્રારંભકાળે બીજરૂપ હોઈ વખતનો યોગ પામી ફળરૂપ વૃક્ષપરિણામે પરિણમે છે; અર્થાત્ તે કર્મો આત્માને ભોગવવાં પડે છે, જેમ અગ્નિના સ્પર્શે ઉષ્ણપણાનો સંબંધ થાય છે, અને તેનું સહેજે વેદનારૂપ પરિણામ થાય છે, તેમ આત્માને ક્રોધાદિ ભાવના કર્તાપણાએ જન્મ, જરા, મરણાદિ વેદનારૂપ પરિણામ થાય છે. આ વિચારમાં તમે વિશેષપણે વિચારશો, અને તે પરત્વે જે કંઈ પ્રશ્ન થાય તે લખશો, કેમ કે જે પ્રકારની સમજ તેથી નિવૃત્ત થવારૂપ કાર્ય કર્યે જીવને મોક્ષદશા પ્રાપ્ત થાય છે.

પ્ર. ૨. (૧) ઈશ્વર શું છે ? (૨) તે જગતકર્તા છે એ ખરું છે ?

અમે તમે કર્મબંધમાં વસી રહેલા જીવ છીએ. તે જીવનું સહજસ્વરૂપ, એટલે કર્મરહિતપણે માત્ર એક આત્મત્વપણે જે સ્વરૂપ છે તે ઈશ્વરપણું છે. જ્ઞાનાદિ ઐશ્વર્ય જેને વિશે છે, તે ઈશ્વર કહેવા યોગ્ય છે, અને તે ઈશ્વરના આત્માનું સહજસ્વરૂપ છે. જે સ્વરૂપ કર્મપ્રસંગે જણાતું નથી, પણ તે પ્રસંગ અન્ય સ્વરૂપ જાણી, જ્યારે આત્માભણી દૃષ્ટિ થાય છે ત્યારે જ અનુક્રમે સર્વજ્ઞતાદિ ઐશ્વર્યપણું તે જ આત્મામાં જણાય છે, અને તેથી વિશેષ ઐશ્વર્યવાળો કોઈ પદાર્થ સમસ્ત પદાર્થ નીરખતાં પણ અનુભવમાં આવી શકતો નથી, જેથી ઈશ્વર છે તે આત્માનું બીજું પર્યાયિક નામ છે, એથી કોઈ વિશેષ સત્તાવાળો પદાર્થ ઈશ્વર છે એમ નથી, એવા નિશ્ચયમાં મારો અભિપ્રાય છે.

(૨) તે જગતકર્તા નથી, અર્થાત્ પરમાણુ, આકાશાદિ પદાર્થ નિત્ય હોવા યોગ્ય છે, તે કોઈ પણ વસ્તુમાંથી બનવા યોગ્ય નથી. કદાપિ એમ ગણીએ કે, તે ઈશ્વરમાંથી બન્યા છે, તો તે

વાત પણ યોગ્ય લાગતી નથી, કેમ કે ઈશ્વરને જો ચેતનપણે માનીએ, તો તેથી પરમાણુ, આકાશ વગેરે ઉત્પન્ન કેમ થઈ શકે ? કેમ કે ચેતનથી જડની ઉત્પત્તિ થવી જ સંભવતી નથી. જો ઈશ્વરને જડ સ્વીકારવામાં આવે તો સહેજે તે ઐશ્વર્યવાન ઠરે છે, તેમ જ તેથી જીવ રૂપ ચેતન પદાર્થની ઉત્પત્તિ પણ થઈ શકે નહીં. જડચેતન ઉભયરૂપ ઈશ્વર ગણીએ, તો પછી જડચેતન ઉભયરૂપ જગત છે તેનું ઈશ્વર એવું બીજું નામ કહી સંતોષ રાખી લેવા જેવું થાય છે, અને જગતનું નામ ઈશ્વર રાખી સંતોષ રાખી લેવો તે કરતાં જગતને જગત કહેવું, એ વિશેષ યોગ્ય છે. કદાપિ પરમાણુ, આકાશાદિ નિત્ય ગણીએ અને ઈશ્વરને કર્માદિના ફળ આપનારા ગણીએ તોપણ તે વાત સિદ્ધ જણાતી નથી. એ વિચાર પર 'ષટ્દર્શન સમુચ્ચય'માં સારાં પ્રમાણો આપ્યાં છે.

પ્ર. ૩ મોક્ષ શું છે ?

ઉ. જે ક્રોધાદિ અજ્ઞાનભાવમાં, દેહાદિમાં આત્માને પ્રતિબંધ છે તેથી સર્વથા નિવૃત્તિ થવી, મુક્તિ થવી, તે મોક્ષપદ જ્ઞાનીઓએ કહ્યું છે. તે સહજ વિચારતાં પ્રમાણભૂત લાગે છે.

પ્ર. ૪. મોક્ષ મળશે કે નહીં તે ચોક્કસ રીતે આ દેહમાં જ જાણી શકાય ?

ઉ. એક દોરડીના ઘણા બંધથી હાથ બાંધવામાં આવ્યો હોય, તેમાંથી અનુક્રમે જેમ જેમ બંધ છોડવામાં આવે, તેમ તેમ તે બંધના સંબંધની નિવૃત્તિ અનુભવાય છે. અને તે દોરડી વળ મૂકી છૂટી ગયાના પરિણામમાં વર્તે છે એમ પણ જણાય છે, અનુભવાય છે. તેમ જ અજ્ઞાનભાવના અનેક પરિણામરૂપ બંધનો પ્રસંગ આત્માને છે. તે જેમ જેમ છૂટે છે, તેમ તેમ

મોક્ષનો અનુભવ થાય છે, અને તેનું ઘણું જ અલ્પપણું જ્યારે થાય છે ત્યારે, સહજે આત્મામાં નિજભાવ પ્રકાશી નીકળીને અજ્ઞાનભાવરૂપ બંધથી છૂટી શકવાનો પ્રસંગ છે, એવો સ્પષ્ટ અનુભવ થાય છે. તેમ જ કેવળ અજ્ઞાનાદિ ભાવથી નિવૃત્તિ થઈ કેવળ આત્મભાવ આ જ દેહને વિશે સ્થિતિમાન છતાં પણ આત્માને પ્રગટે છે, અને સર્વ સંબંધથી કેવળ પોતાનું ભિન્નપણું અનુભવમાં આવે છે, અર્થાત્ મોક્ષપદ આ દેહમાં પણ અનુભવમાં આવવા યોગ્ય છે.

પ્ર. ૫ એમ વાંચવામાં આવ્યું કે માણસ દેહ છોડી કર્મ પ્રમાણે જનાવરોમાં અવતરે, પથરો પણ થાય, ઝાડ પણ થાય. આ બરાબર છે ?

ઉ. દેહ છોડી ઉપાર્જિત પ્રમાણે જીવની ગતિ થાય છે તેથી તે તિર્યંચ (જનાવર) પણ થાય છે અને પૃથ્વીકાય એટલે પૃથ્વીરૂપ શરીર ધારણ કરી બાકીની બીજી ચાર ઈન્દ્રિયો વિના કર્મ ભોગવવાનો જીવને પ્રસંગ પણ આવે છે; તથાપિ તે કેવળ પથ્થર કે પૃથ્વી થઈ જાય છે, એવું કંઈ નથી. પથ્થરરૂપ કાયા ધારણ કરે, અને તેમાં પણ અવ્યક્તપણે જીવ જીવપણે જ હોય છે. બીજી ચાર ઈન્દ્રિયોનું ત્યાં અવ્યક્ત(અપ્રગટ)પણું હોવાથી પૃથ્વીકાયરૂપ જીવ કહેવા યોગ્ય છે. અનુક્રમે તે કર્મ ભોગવી જીવ નિવૃત્ત થાય છે ત્યારે, ફક્ત પથ્થરનું દળ પરમાણુરૂપે રહે છે, પણ જીવ તેના સંબંધથી ચાલ્યો જવાથી આહારાદિ સંજ્ઞા તેને હોતી નથી, અર્થાત્ કેવળ જડ એવો પથ્થર જીવ થાય છે એવું નથી. કર્મના વિષમપણાથી ચાર ઈન્દ્રિયોનો પ્રસંગ અવ્યક્ત થઈ ફક્ત એક સ્પર્શેન્દ્રિયપણે દેહનો પ્રસંગ જીવને જે કર્મથી થાય

છે, તે કર્મ ભોગવતાં તે પૃથ્વી આદિમાં જન્મે છે. પણ કેવળ પૃથ્વીરૂપ કે પથ્થરરૂપ થઈ જતો નથી. દેહ છે તે જીવને વેશધારીપણું છે, સ્વરૂપપણું નથી.

પ્ર. ૬-૭. છઠ્ઠા પ્રશ્નનું પણ આમાં સમાધાન આવ્યું છે. સાતમા પ્રશ્નનું પણ સમાધાન આવ્યું છે કે કેવળ પથ્થર કે કેવળ પૃથ્વી કંઈ કર્મના કર્તા નથી. તેમાં આવીને ઊપજેલો એવો જીવ કર્મનો કર્તા છે, અને તે પણ દૂધ અને પાણીની પેઠે છે. જેમ તે બન્નેનો સંયોગ થતાં પણ દૂધ તે દૂધ છે અને પાણી તે પાણી છે, તેમ એકેન્દ્રિયાદિ કર્મબંધે જીવને પથ્થરપણું, જડપણું જણાય છે, તોપણ તે જીવ અંતર તો જીવપણે જ છે, અને ત્યાં પણ તે આહારભયાદિ સંજ્ઞાપૂર્વક છે, જે અવ્યક્ત જેવી છે.

પ્ર. ૮ (૧) આર્યધર્મ શું છે? (૨) બધાની ઉત્પત્તિ વેદમાંથી જ છે શું ?

ઉ. (૧) આર્યધર્મની વ્યાખ્યા કરવામાં સૌ પોતાના પક્ષને આર્યધર્મ કહેવા ઇચ્છે છે. જૈન જૈનને; બૌદ્ધ બૌદ્ધને, વેદાન્તી વેદાન્તને આર્યધર્મ કહે એમ સાધારણ છે. તથાપિ જ્ઞાનીપુરુષો તો જેથી આત્માને નિજસ્વરૂપની પ્રાપ્તિ થાય એવો જે આર્ય(ઉત્તમ) માર્ગ તેને આર્યધર્મ કહે છે, અને એમ જ યોગ્ય છે.

બધાની ઉત્પત્તિ વેદમાંથી થવી સંભવતી નથી. વેદમાં જેટલું જ્ઞાન કહ્યું છે તેથી સહસ્રગણા આશયવાળું જ્ઞાન શ્રી તીર્થંકરાદિ મહાત્માઓએ કહ્યું છે એમ મારા અનુભવમાં આવે છે, અને તેથી હું એમ જાણું છું કે, અલ્પ વસ્તુમાંથી સંપૂર્ણ વસ્તુ થઈ શકે નહીં; એમ હોવાથી વેદમાંથી સર્વની ઉત્પત્તિ કહેવી ઘટતી

નથી. વૈષ્ણવાદિ સંપ્રદાયોની ઉત્પત્તિ તેના આશ્રયથી માનતાં અડચણ નથી. જૈન, બૌદ્ધના છેલ્લા મહાવીરાદિ મહાત્માઓ થયા પહેલાં વેદ હતા એમ જણાય છે. તેમ તે ઘણા પ્રાચીન ગ્રંથ છે એમ પણ જણાય છે, તથાપિ જે કંઈ પ્રાચીન હોય તે જ સંપૂર્ણ હોય કે સત્ય હોય એમ કહી શકાય નહીં. અને પાછળથી ઉત્પન્ન થાય તે અસંપૂર્ણ અને અસત્ય હોય એમ પણ કહી શકાય નહીં. બાકી વેદ જેવો અભિપ્રાય અને જૈન જેવો અભિપ્રાય અનાદિથી ચાલ્યો આવે છે. સર્વભાવ અનાદિ છે, માત્ર રૂપાન્તર થાય છે. કેવળ ઉત્પત્તિ કે કેવળ નાશ થતો નથી. વેદ, જૈન અને બીજા સૌના અભિપ્રાય અનાદિ છે, એમ માનવામાં અડચણ નથી, ત્યાં પછી વિવાદ શાનો રહે ? તથાપિ એ સૌમાં વિશેષ બળવાન, સત્ય અભિપ્રાય કોનો કહેવા યોગ્ય છે, તે વિચારવું એ અમને, તમને, સૌને યોગ્ય છે.

પ્ર. ૯ (૧) વેદ કોણે કર્યા ? તે અનાદિ છે ? જો અનાદિ હોય તો અનાદિ એટલે શું ?

ઉ. (૧) ઘણા કાળ પહેલાં વેદ થયા સંભવે છે.

(૨) પુસ્તકપણે કોઈ પણ શાસ્ત્ર અનાદિ નથી, તેમાં કહેલા અર્થ પ્રમાણે તો સૌ શાસ્ત્ર અનાદિ છે, કેમ કે તેવા તેવા અભિપ્રાય જુદા જુદા જીવો જુદે જુદે રૂપે કહેતા આવ્યા છે, અને એમ જ સ્થિતિ સંભવે છે. ક્રોધાદિ ભાવ પણ અનાદિ છે, અને ક્ષમાદિભાવ પણ અનાદિ છે. હિંસાદિ ધર્મ પણ અનાદિ છે, અને અહિંસાદિ ધર્મ પણ અનાદિ છે. માત્ર જીવને હિતકારી શું છે ? એટલું વિચારવું કાર્યરૂપ છે. અનાદિ તો બેય છે. પછી ક્યારેક ઓછા પ્રમાણમાં અને ક્યારેક વિશેષ પ્રમાણમાં કોઈનું

બળ હોય છે.

પ્ર. ૧૦ ગીતા કોણે બનાવી ? ઈશ્વરકૃત તો નથી ? જો તેમ હોય તો તેનો કાંઈ પુરાવો ?

ઉ. ઉપર આપેલા ઉત્તરોથી કેટલુંક સમાધાન થઈ શકવા યોગ્ય છે કે ઈશ્વરકૃતનો અર્થ જ્ઞાની (સંપૂર્ણ જ્ઞાની) એવો કરવાથી તે ઈશ્વરકૃત થઈ શકે, પણ નિત્ય અક્રિય એવા આકાશની પેઠે વ્યાપક ઈશ્વરને સ્વીકાર્યે તેવા પુસ્તકાદિની ઉત્પત્તિ થવી સંભવે નહીં, કેમ કે તે તો સાધારણ કાર્ય છે, કે જેનું કર્તાપણું આરંભપૂર્વક હોય છે, અનાદિ નથી હોતું. ગીતા વેદવ્યાસજીનું કરેલું પુસ્તક ગણાય છે, અને મહાત્મા શ્રીકૃષ્ણે અર્જુનને તેવો બોધ કર્યો હતો. માટે મુખ્યપણે કર્તા શ્રીકૃષ્ણ કહેવાય છે, જે વાત સંભવિત છે. ગ્રંથ શ્રેષ્ઠ છે, તેવો ભાવાર્થ અનાદિથી ચાલ્યો આવે છે, પણ તે જ શ્લોકો અનાદિથી ચાલ્યા આવે એમ બનવા યોગ્ય નથી. તેમ અક્રિય ઈશ્વરથી પણ તેની ઉત્પત્તિ થઈ હોય એમ બનવા યોગ્ય નથી. સક્રિય એટલે કે કોઈ દેહધારીથી તે ક્રિયા બનવા યોગ્ય છે. માટે સંપૂર્ણ જ્ઞાની તે ઈશ્વર છે, અને તેનાથી બોધાયેલાં શાસ્ત્રો તે ઈશ્વરીશાસ્ત્ર છે એમ માનવામાં અડચણ નથી.

પ્ર. ૧૧ પશુ આદિના યજ્ઞથી જરાયે પુણ્ય છે ખરું ?

ઉ. પશુના વધથી, હોમથી કે જરાય તેને દુઃખ આપવાથી પાપ જ છે, તે પછી યજ્ઞમાં કરો, કે ગમે તો ઈશ્વરના ધામમાં બેસીને કરો. પણ યજ્ઞમાં જે દાનાદિ ક્રિયા થાય છે તે કાંઈક પુણ્ય હેતુ છે. તથાપિ હિંસામિશ્રિત હોવાથી તે પણ અનુમોદન યોગ્ય નથી.

પ્ર. ૧૨ જે ધર્મ ઉત્તમ છે એમ કહો તેનો પુરાવો માગી શકાય ખરો કે ?

ઉ. પુરાવો માગવામાં ન આવે અને ઉત્તમ છે એમ વગર પુરાવે પ્રતિપાદન કરવામાં આવે તો તો અર્થ, અનર્થ, ધર્મ, અધર્મ સૌ ઉત્તમ જ ઠરે. પ્રમાણથી જ ઉત્તમ અનુત્તમ જણાય છે. જે ધર્મ સંસાર-પરીક્ષણ કરવામાં સૌથી ઉત્તમ હોય અને નિજ સ્વભાવમાં સ્થિતિ કરાવવાને બળવાન હોય તે જ ઉત્તમ, અને તે જ બળવાન છે.

પ્ર. ૧૩ ખ્રિસ્તી ધર્મ વિશે આપ કંઈ જાણો છો ? જો જાણતા હો તો આપના વિચાર દર્શાવિશો.

ઉ. ખ્રિસ્તી ધર્મ વિશે સાધારણપણે હું જાણું છું. ભરતખંડમાં મહાત્માઓએ જેવો ધર્મ શોધ્યો છે, વિચાર્યો છે તેવો ધર્મ બીજા કોઈ દેશથી વિચારાયો નથી, એમ તો એક અલ્પ અભ્યાસે સમજી શકાય એવું છે. તેમાં (ખ્રિસ્તી ધર્મમાં) જીવનું સદા પરવશપણું કહ્યું છે, અને મોક્ષમાં પણ તે દશા તેવી જ રાખી છે. જીવના અનાદિ સ્વરૂપનું વિવેચન જેમાં યથાયોગ્ય નથી, કર્મ સંબંધી વ્યવસ્થા અને તેની નિવૃત્તિ પણ યથાયોગ્ય કહી નથી, **તે ધર્મ વિશે મારો અભિપ્રાય સર્વોત્તમ તે ધર્મ છે એમ થવાનો સંભવ નથી.** ખ્રિસ્તી ધર્મમાં મેં જે ઉપર કહ્યા તેવા પ્રકારનું યથાયોગ્ય સમાધાન દેખાતું નથી. આ વાક્ય મતભેદ વિશે કહ્યું નથી. વધારે પૂછવા યોગ્ય લાગે તો પૂછશો તો વિશેષ સમાધાન કરવાનું બની શકશે.

પ્ર. ૧૪ તેઓ એમ કહે છે કે બાઈબલ ઈશ્વરપ્રેરિત છે; ઈસુ તે ઈશ્વરનો અવતાર, તેનો દીકરો છે, ને હતો.

ઉ. એ વાત શ્રદ્ધાથી માન્યાથી માની શકાય, પણ પ્રમાણથી સિદ્ધ નથી. જેમ ગીતા અને વેદના ઈશ્વરપ્રેરિતપણા માટે ઉપર લખ્યું છે, તેમ જ બાઈબલના સંબંધમાં પણ ગણવું. જે જન્મ-મરણથી મુક્ત થયા તે ઈશ્વર અવતાર લે તે બનવા યોગ્ય નથી, કેમ કે રાગદ્વેષાદિ પરિણામ જ જન્મનો હેતુ છે; તે જેને નથી એવો ઈશ્વર અવતાર ધારણ કરે એ વાત વિચારતાં યથાર્થ લાગતી નથી. ઈશ્વરનો દીકરો છે, ને હતો, તે વાત પણ કોઈ રૂપક તરીકે વિચારીએ તો વખતે બંધ બેસે, નહીં તો પ્રત્યક્ષ પ્રમાણથી બાધા પામતી છે. મુક્ત એવો ઈશ્વરનો દીકરો હોય એમ શી રીતે કહેવાય ? અને કહીએ તો તેની ઉત્પત્તિ શી રીતે કહી શકીએ ? બન્નેને અનાદિ માનીએ તો પિતાપુત્રપણું શી રીતે બંધ બેસે ? એ વગેરે વાત વિચારવા યોગ્ય છે. જે વિચારોથી મને લાગે છે કે એ વાત યથાયોગ્ય નહીં લાગે.

પ્ર. ૧૫ જૂના કરારમાં જે ભવિષ્ય ભાખ્યું તે બધું ઈસામાં ખરું પડ્યું છે ?

ઉ. એમ હોય તોપણ તેથી તે બન્ને શાસ્ત્ર વિશે વિચાર કરવો ઘટે છે. તેમ જ એવું ભવિષ્ય તે પણ ઈસુને ઈશ્વરાવતાર કહેવામાં બળવાન પ્રમાણ નથી, કેમ કે જ્યોતિષાદિકથી (શ્રીમદ્ રાજચન્દ્ર પોતે પ્રખર જ્યોતિષી હતા) પણ મહાત્માની ઉત્પત્તિ જણાવી સંભવે છે અથવા ભલે કોઈ જ્ઞાનથી તેવી વાત જણાવી હોય પણ તેવા ભવિષ્યવેત્તા સંપૂર્ણ એવા મોક્ષમાર્ગના જાણનાર હતા તે વાત જ્યાં સુધી યથાસ્થિત પ્રમાણરૂપ ન થાય, ત્યાં સુધી તે

ભવિષ્ય વગેરે એક શ્રદ્ધાગ્રાહ્ય પ્રમાણ છે. તેમ બીજાં પ્રમાણોથી તે હાનિ ન પામે એવું ધારણામાં નથી આવી શકતું.

પ્ર. ૧૬ 'ઈસુ ખ્રિસ્તના ચમત્કાર' વિશે લખ્યું છે.

ઉ. વળ કાયામાંથી જીવ ચાલ્યો ગયો હોય, તે જ જીવ તે જ કાયામાં દાખલ કર્યો હોય અથવા કોઈ બીજા જીવને તેમાં દાખલ કર્યો હોય, તો તે બની શકે એવું સંભવતું નથી, અને એમ થાય તો પછી કર્માદિની વ્યવસ્થા પણ નિષ્ફળ થાય. બાકી યોગાદિની સિદ્ધિથી કેટલાક ચમત્કાર ઉત્પન્ન થાય છે અને તેવા કેટલાક ઈસુને હોય તો તેમાં તદ્દન ખોટું છે કે અસંભવિત છે એમ કહેવાય નહીં; તેવી સિદ્ધિઓ આત્માના ઐશ્વર્ય આગળ અલ્પ છે, આત્માનું ઐશ્વર્ય તેથી અનન્ત ગણું, મહત્ સંભવે છે. આ વિષયમાં સમાગમે પૂછવા યોગ્ય છે.

પ્ર. ૧૭ આગળ ઉપર શો જન્મ થશે તેની આ ભવમાં ખબર પડે ? અથવા અગાઉ શું હતા તેની ?

ઉ. તેમ બની શકે. નિર્મળજ્ઞાન જેનું થયું હોય તેને તેવું બનવું સંભવે છે. વાદળાં વગેરેનાં ચિહ્નો પરથી વરસાદનું અનુમાન થાય છે, તેમ આ જીવની, આ ભવની ચેષ્ટા ઉપરથી તેનાં પૂર્વકારણ કેવાં હોવાં જોઈએ, તે પણ સમજી શકાય, થોડે અંશે વખતે સમજાય. તેમ જ તે ચેષ્ટા ભવિષ્યમાં કેવું પરિણામ પામશે તે પણ તેના સ્વરૂપ ઉપરથી જાણી શકાય. તેને વિશેષ વિચારતાં કેવો ભવ થવો સંભવે છે, તેમ જ કેવો ભવ હતો, તે પણ વિચારમાં સારી રીતે આવી શકવા યોગ્ય છે.

પ્ર. ૧૮ પડી શકે તો કોને ?

આનો ઉત્તર ઉપર આવી ગયો છે.

પ્ર. ૧૯ જે મોક્ષ પામેલાંનાં નામ આપો છો તે શા આધાર ઉપરથી ?

ઉ. મને આ પ્રશ્ન ખાસ સંબોધીને પૂછો, તો તેના ઉત્તરમાં એમ કહી શકાય કે અત્યન્ત સંસાર દશા **પરિક્ષીણ** જેની થઈ છે, તેનાં વચનો આવાં હોય. આવી તેની ચેષ્ટા હોય. એ આદિ અંશે પણ પોતાના આત્મામાં અનુભવ થાય છે. અને તેને આશ્રયે તેના મોક્ષ પરત્વે કહેવાય, અને ઘણું કરીને તે યથાર્થ હોય એમ માનવાનાં પ્રમાણો પણ શાસ્ત્રાદિથી જાણી શકાય.

પ્ર. ૨૦ બુદ્ધદેવ પણ મોક્ષ નથી પામ્યા એમ આપ શા ઉપરથી કહો છો ?

ઉ. તેના શાસ્ત્રસિદ્ધાન્તોના આશ્રયે. જે પ્રમાણે તેમના શાસ્ત્રસિદ્ધાન્તો છે, તે જ પ્રમાણે જો તેમનો અભિપ્રાય હોય તો તે અભિપ્રાય પૂર્વાપર વિરુદ્ધ પણ દેખાય છે, અને તે લક્ષણ સંપૂર્ણ જ્ઞાનનું નથી.

સંપૂર્ણ જ્ઞાન જો ન હોય તો સંપૂર્ણ રાગદ્વેશ નાશ પામવાં સંભવિત નથી. જ્યાં તેમ હોય ત્યાં સંસારનો સંભવ છે. એટલે કેવળ મોક્ષ તેને હોય એમ કહેવું બની શકે એવું નથી. અને તેમનાં કહેલાં શાસ્ત્રોમાં જે અભિપ્રાય છે તે સિવાય બીજો તેમનો અભિપ્રાય હતો, તે બીજી રીતે જાણવાનું અમને, તમને કઠણ પડે તેવું છે, અને તેમ છતાં કહીએ કે બુદ્ધદેવનો અભિપ્રાય બીજો હતો તો તે કારણપૂર્વક કહેવાથી પ્રમાણભૂત ન થાય એમ કાંઈ નથી.

પ્ર. ૨૧ દુનિયાની છેવટની શી સ્થિતિ થશે ?

ઉ. કેવળ મોક્ષરૂપે સર્વ જીવની સ્થિતિ થાય કે કેવળ આ

દુનિયાનો નાશ થાય, તેવું બનવું મને પ્રમાણરૂપ લાગતું નથી. આવા ને આવા પ્રમાણમાં તેની સ્થિતિ સંભવે છે. કોઈ ભાવ રૂપાન્તર પામી ક્ષીણ થાય, તો કોઈ વર્ધમાન થાય, પણ તે એક ક્ષેત્રે વધે તો બીજે ક્ષેત્રે ઘટે. એ આદિ આ સૃષ્ટિની સ્થિતિ છે; તે પરથી અને ઘણા જ ઊંડા વિચારમાં ગયા પછી એમ જણાવું સંભવિત લાગે છે કે કેવળ આ સૃષ્ટિનો નાશ થાય કે પ્રલયરૂપ થાય એ ન બનવાયોગ્ય છે. સૃષ્ટિ એટલે એક આ જ પૃથ્વી એવો અર્થ નથી.

પ્ર. ૨૨ આ અનીતિમાંથી સુનીતિ થશે ખરી ?

ઉ. આ પ્રશ્નનો ઉત્તર સાંભળી જે જીવ અનીતિ ઇચ્છે છે તેને તે ઉત્તર ઉપયોગી થાય એમ થવા દેવું યોગ્ય નથી. સર્વ ભાવ અનાદિ છે, નીતિ, અનીતિ; તથાપિ તમે, અમે અનીતિ ત્યાગી નીતિ સ્વીકારીએ તો તે સ્વીકારી શકાય એવું છે, અને એ જ આત્માને કર્તવ્ય છે, અને સર્વ જીવઆશ્રયી અનીતિ મટી નીતિ સ્થપાય એવું વચન કહી શકાતું નથી, કેમ કે એકાંતે તેવી સ્થિતિ થઈ શકવા યોગ્ય નથી.

પ્ર. ૨૩ દુનિયાનો પ્રલય છે ?

ઉ. પ્રલય એટલે જો કેવળ નાશ એવો અર્થ કરવામાં આવે તો તે વાત ઘટતી નથી. કેમ કે પદાર્થનો કેવળ નાશ થઈ જવો સંભવિત જ નથી. પ્રલય એટલે સર્વ પદાર્થોનું ઈશ્વરાદિને વિશે લીનપણું તો કોઈના અભિપ્રાયમાં તે વાતનો સ્વીકાર છે. પણ મને તે સંભવિત લાગતું નથી, કેમ કે સર્વ પદાર્થ, સર્વ જીવ એવાં સમપરિમાણ શી રીતે પામે કે એવો યોગ બને, અને જો તેવાં સમપરિમાણનો પ્રસંગ આવે તો પછી ફરી વિષમપણું થવું

બને નહીં. અવ્યક્તપણે જીવમાં વિષમપણું હોય અને વ્યક્તપણે સમપણું એ રીતે પ્રલય સ્વીકારીએ તોપણ દેહાદિ સંબંધ વિના વિષમપણું શા આશ્રયે રહે ? દેહાદિ સંબંધ માનીએ તો સર્વને એકેન્દ્રિયપણું માનવાનો પ્રસંગ આવે, અને તેમ માનતાં તો વિના કારણે બીજી ગતિઓનો અસ્વીકાર કર્યો ગણાય. અર્થાત્ ઊંચી ગતિના જીવને તેવાં પરિણામનો પ્રસંગ મટવા આવ્યો હોય તે પ્રાપ્ત થવા પ્રસંગ આવે. એ આદિ ઘણા વિચાર ઉદ્ભવે છે. સર્વ જીવ આશ્રયી પ્રલય સંભવતો નથી.

પ્ર. ૨૪ અભણને ભક્તિથી જ મોક્ષ મળે ખરો કે ?

ઉ. ભક્તિ જ્ઞાનનો હેતુ છે, અક્ષરજ્ઞાન ન હોય તેને અભણ કહ્યો હોય, તો તેને ભક્તિ પ્રાપ્ત થવી અસંભવિત છે, એવું કંઈ છે નહીં. જીવ માત્ર જ્ઞાનસ્વભાવી છે. ભક્તિના બળે જ્ઞાન નિર્મળ થાય છે, નિર્મળ જ્ઞાન મોક્ષનો હેતુ થાય છે. સંપૂર્ણ જ્ઞાનની આવૃત્તિ થયા વિના સર્વથા મોક્ષ હોય એમ મને નથી લાગતું. અને જ્યાં સંપૂર્ણ જ્ઞાન હોય ત્યાં સર્વ ભાષાજ્ઞાન સમાય એમ કહેવાની પણ જરૂર નથી. ભાષાજ્ઞાન મોક્ષનો હેતુ છે તથા તે જેને ન હોય તેને આત્મજ્ઞાન ન થાય, એવો કાંઈ નિયમ સંભવતો નથી.

---

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્‌ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

**રૂ.૨૦૦ (સેટની)**

**ISBN 81-7229-237-6 (set)**